ગુજરાત યુનિવર્સિટીનું મુખપત્ર

# વિદ્યાવૃત્ત

**વર્ષ : ૨, અંક : ૧**
**જાન્યુઆરી : ૨૦૦૭**

**મુખ્ય સંપાદક :**
ડૉ. રાજસી ક્લાર્ક

**સંપાદક મંડળ :**
ડૉ. કીર્તિદા શાહ, ડૉ. એચ. સી. સરદાર, માલતી મહેતા

**મુદ્રક અને પ્રકાશક :**
ડૉ. અરવિંદ ભાંડારી, *કુલસચિવ*

**સંયોજક :**
શ્રી કે. ડી. વોરા, *પ્રકાશન અધિકારી*

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | કુલપતિશ્રીની કલમે | ૨ |
| ૩. | ભવનોની ગતિવિધિ | ૪ |
| ૪. | કેમ્પસ ન્યૂઝ | ૮ |
| ૫. | અધ્યાપક આલમ | ૯ |
| ૬. | વિદ્યાર્થી વિશ્વ | ૧૦ |
| ૭. | કૉલેજ કૉર્નર | ૧૧ |
| ૮. | અહેવાલ | ૧૮ |
| | ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાઓ ૨૦૦૭ | ટાઇટલ ૨-૩ |


Opinions expressed in the articles are those of the contributors and do not necessarily reflect the policies of the University.

# સંપાદકીય

વિદ્યાવૃત્તના સૌ વાચકોને પ્રજાસત્તાક દિન નિમિત્તે શુભેચ્છાઓ. ૨૬ જાન્યુઆરી આપણા સૌ માટે બંધારણીય લોકશાહીનાં મૂલ્યોને ફરી એક વાર સુદૃઢ બનાવવા માટેનો અવસર છે. અમેરિકી પ્રમુખ થૉમસ જૅફરસને કહ્યું છે કે ‘Laws and Institutions must go hand in hand with the Progress of the human mind.’ આપણા બંધારણે સમયના તકાજાને જાણી, બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ સુધારાઓને સમાવી લઈને ભારતની લોકશાહીને જીવંત તથા ગતિશીલ રાખવામાં મોટો ભાગ ભજવ્યો છે અને છતાં, આપણા મૂળભૂત મૂલ્યોને તેમાં જાળવી રાખવામાં આવ્યાં છે, તે એક મોટી સિધ્ધિ છે. આપણે સૌ આપણા બંધારણ પ્રત્યેની આપણી કટિબદ્ધતા તરફ સજાગ બનીએ.

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓની તારીખો જાહેર થઈ ગઈ છે અને તેની સાથે શૈક્ષણિક વર્ષની સમાપ્તિના દિવસો પણ ગણાવાના શરૂ થઈ ગયા છે. જાન્યુઆરી માસમાં યુનિવર્સિટીના ભવનોના વિવિધ વિભાગો દ્વારા રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદો તથા કાર્યશાળાઓનાં સફળ આયોજનો થયાં. અને તે દ્વારા આપણી યુનિવર્સિટીએ સંશોધન તથા વૈચારિક આદાનપ્રદાનના ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. માનનીય કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીએ આ તમામ કાર્યક્રમોમાં સક્રિય રસ દાખવી, યુનિવર્સિટીના વિભાગો તથા ભવનોને આવા વધુ કાર્યક્રમોનાં આયોજન માટે પ્રોત્સાહિત કર્યાં.

સાથે સાથે, યુનિવર્સિટીએ નૅક એક્રેડિટેશનની પૂર્વતૈયારી સ્વરૂપે Self Study Report ખૂબ ટૂંકા ગાળામાં તૈયાર કરીને મોકલી આપ્યો, તે સમગ્ર યુનિવર્સિટી પરિવારની સિધ્ધિ છે. યુનિવર્સિટીના તમામ વિભાગો તથા વહીવટીતંત્ર, અધ્યાપકમિત્રો અને કર્મચારીગણ યુનિવર્સિટીને સર્વોત્કૃષ્ટ એક્રેડિટેશન અપાવે, તેવી શુભેચ્છાઓ.

**રાજસી ક્લાર્ક**

"Character is like a tree and reputation like its shadow. The shadow is what we think of, the tree is the real thing."

**Abraham Lincon**

## કુલપતિશ્રીની કલમે...



ભારતવર્ષનાં બે મહાન રાષ્ટ્રીયપર્વો છે અને તેની ઉજવણી આપણા સહુનાં રાષ્ટ્રીય અભિમાનની, રાષ્ટ્રની અસ્મિતાની અને દેશભક્તિની લાગણી ઇંગિત કરે છે. પહેલું પર્વ છે. સ્વાતંત્ર્ય દિવસ. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ની મધ્યરાત્રિએ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂનાં શબ્દોમાં ભારત પ્રગાઢ નિદ્રામાંથી જાગ્રત થયું અને સ્વતંત્રતાની લહર તેના સમગ્ર અસ્તિત્વને પ્લાવિત કરી ગઈ. યુનિયન જેકનાં સ્થાને ત્રિરંગો લહેરાયો અને Brittania Rules the wavesનાં સ્થાને વંદે માતરમનાં સ્વરો હવામાં ગુંજી રહ્યા. બીજું રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦માં ભારતને પોતાનું સ્વતંત્ર બંધારણ પ્રાપ્ત થયું. ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં અધ્યક્ષસ્થાને મળેલી બંધારણીય સભાએ ઘડેલું બંધારણ પ્રાપ્ત થયું અને પ્રજાને વિશિષ્ટ હક્કો પ્રાપ્ત થયા. આ બંધારણ વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ ગણાય છે અનેતેના પાયાના સિદ્ધાંતો સાથે ચેડા કરી શકાતા નથી.

આજે પ્રજાસત્તાક દિને ઉપસ્થિત આપ સૌને હાર્દિક શુભકામના પાઠવું છું અને ૨૦૦૭નું નવું વર્ષ ક્ષિતિજ ઉપર આકાર લઈ રહ્યું છે ત્યારે તે સુખમય, આનંદમય અને તનાવમુક્ત રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરું છું. આ પર્વો ફક્ત કર્મકાંડ બની રહેતા આપણી તાકાત અને નબળાઈઓ, આપણી સિદ્ધિઓ અને નિષ્ફળતાના લેખાજોખાનો પ્રસંગ બની રહ્યો જોઈએ. આપણી જાતને ફક્ત અભિનંદવાને બદલે ક્યાં શું ચૂક્યાં, કયાં ધેયોય પૂરા કરી ન શક્યાં અને એ ભવિષ્યમાં કયા milestones પ્રસ્થાપિત કરવાનાં છે તે અંગે આત્મદર્શન કરવાનો પ્રસંગ છે એમ હું માનું છું.

મેં ૨૭ જૂની ૨૦૦૬નાં દિવસે કુલપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો અને આ પ્રથમ પ્રજાસત્તાક દિન પ્રસંગે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું. ભૂતકાળમાં કરવાનાં બાકી રહેલાં કાર્યોની યાદી બનાવી, તેમનો ઉપક્રમ નક્કી કરી કાર્યનો આરંભ કર્યો. યુનિવર્સિટીની વિવિધ બોડિઝની ચૂંટણીઓ સફળતાપૂર્વક આપણે પૂરા કરી અને બધા તંત્રો કાર્યવંત બન્યા. પરિણામો નિર્ણયો બંધારણીય રીતે લેવાતા થયા અને વ્યવહાર પારદર્શક બન્યો. ત્રણ વર્ષ બાદ પ્રથમ દિક્ષાંત સમારોહ યોજાયો અને જે એક યાદગાર પ્રસંગ બની રહ્યો અને આપ સહુ તેમાં સાક્ષી છો. આચાર્યો, અધ્યાપકો, અધ્યક્ષો અને વહીવટી કર્મચારીઓના સહકારથી વર્તમાન વ્યવસ્થાને સુદ્રઢ કરી તેને ગતિશીલ બનાવી, માળખાકીય સુવિધાઓ સુધારી અને નવી સુવિધાઓ ઊભી કરી, સમગ્ર કેમ્પસને એક નવો ઓપ આપવામાં આવ્યો. આવકનાં નવાં સાધનો ઉભાં કર્યા અને જ્યાં જરૂર લાગી ત્યાં કરકસરનાં પગલાં લઈ નાણાકીય તંત્રને સુદ્દઢ કર્યું, વિદ્યાર્થીઓનાં પ્રશ્નોમાં હકારાત્મક અભિગમ રાખ્યો અને સાથે સાથે નિયમોની ચુસ્તતાનો પણ આગ્રહ રાખ્યો. પરંતુ ફક્ત આ પ્રકારના ફેરફારો કે પગલાંઓથી યુનિવર્સિટીને ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત થાય છે એમ માનવું ભૂલભરેલું છે. યુનિવર્સિટીનું મુખ્ય કામ ફક્ત પરિક્ષાઓ લઈ પરિણામો જાહેર કરવાનું નથી પણ એવું શૈક્ષણિક વાતાવરણ નિર્માણ કરવાનું છે કે જેનાં પરિણામે ગુણવત્તાને પ્રાધાન્ય મળે. શિક્ષણનાં ઉચ્ચ શિખરો સર થાય અને યુનિવર્સિટી

નવા નવા પ્રસ્થાનો કરી lighthouse બની રહે કે જેનો પ્રકાશ સમાજ અને રાષ્ટ્રને અજવાળે અને દિશા ચીંધે.

આ સંદર્ભમાં આપણી યુનિવર્સિટીએ કેટલાક નવા પ્રસ્થાનો પ્રસ્થાપિત કરવામાં પહેલ કરી છે. વિજ્ઞાનનાં ક્ષેત્રમાં ૯ નવા અભ્યાસક્રમો, પરદેશનાં વિદ્યાર્થીઓ માટે ૧૦ અઠવાડિયાનાં ૧૦ વિશિષ્ટ અભ્યાસક્રમો અને ૩ થી ૬ અઠવાડિયાનાં પણ ૧૨ જેટલાં આંતરરાષ્ટ્રિય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારનાં અભ્યાસક્રમો અને કાર્યક્રમો પ્રથમવાર જ શરૂ કરવામાં આવી રહ્યા છે અને તેનું શ્રેય આપણી યુનિવર્સિટીને જાય છે. આવતા શૈક્ષણિક વર્ષથી EMRC દ્વારા ત્રણ નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવી રહ્યા છે જે આજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી શરૂ કરાય છે. ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ સંસ્થાઓ અને કોલેજોએ પણ ૨૧મી સદીનાં પડકારો અને માંગને અનુરુપ રોજગારલક્ષી અભ્યાસક્રમો દાખલ કર્યા છે અને તેને સાનુકૂળ પ્રતિભાવ પ્રાપ્ત થઈ રહ્યો છે.

સંશોધન એ યુનિવર્સિટીમાં કેન્દ્રસ્થાને છે. આ સંદર્ભે સાયન્સ ફોરમની સ્થાપના કરવામાં આવી અને તેના ઉપક્રમે ગુજરાત સાયન્સ કોંગ્રેસ-૨૦૦૬નું આયોજન થયું જેમાં ISRO, PRL, SAC અને અન્ય યુનિવર્સિટીમાંથી લગભગ ૧૦૦૦ ડેલીગેટસે ભાગ લીધો. સંશોધન પ્રકલ્પોને અગ્રિમતા આપવામાં આવી અને Department of Science & Technology, દ્વારા જુદા જુદા ત્રણ પ્રોજેક્ટો માટે પોણા ત્રણ કરોડ રૂપીયાથી વધુ રકમનું અનુદાન આપવામાં આવ્યું છે.

અંતમાં યુનિવર્સિટી NAAC ના સંદર્ભે બહુચીંતિત બની છે. સઘન વ્યવસ્થા ગોઠવી NAAC ના નામાંકન માટે આગળ વધી રહી છે. યુનિવર્સિટી એ ૨૦ વર્ષમાં જે કાર્ય કરેલ છે તેનાથી ક્યાંય આગળ વધી શિક્ષણ જગતના ઊંચા સ્તર પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું પડશે. વાઈસ ચાન્સેલરો તો આવશે અને જશે પરંતુ યુનિવર્સિટી તો હંમેશને માટે રહેવાની છે. ઉત્તરોત્તર યુનિવર્સિટીની પ્રગતિ થાય તે માટે આપણે સૌએ સહિયારો પ્રયાસ કરવાનો છે.

આ પ્રસંગે સર્વેને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. જય હિંદ

**- ડૉ. પરિમલ ત્રિવેદી**

(તા. ૨૬-૧-૨૦૦૭ના રોજ પ્રજાસત્તાક દિને ગુજરાત યુનિવર્સિટી ખાતે આપેલ ઉદ્‌બોધનના કેટલાક અંશ)

# ભવનોની ગતિવિધિ

## ભાષાભવન

### ફારસી - ઉર્દૂ વિભાગ

ગુજરાત યુનિવર્સિટીના 'સ્થાપના દિન' દિન નિમિત્તે તા. ૨૩-૧૧-૨૦૦૬ના રોજ વિભાગ દ્વારા એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અધ્યક્ષ સ્થાને હિન્દી વિભાગનાં અધ્યક્ષ ડૉ. રંજનાબહેન અરગડે હતા. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ઉર્દૂ-ફારસીના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. ઝુબેર કુરેશી પધાર્યા હતા.

આ નિમિત્તે ગુજરાત કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા. એફ.ડી. કૉલેજનાં ઉર્દૂનાં અધ્યાપકે પણ હાજર રહી કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું.

ગત મહિને મુંબઈ યુનિવર્સિટીનાં ઉર્દૂ વિભાગ અને મુંબઈ કલ્ચર હાઉસ-ઈરાન દ્વારા 'હસ્તપ્રત અભ્યાસ' પર એક અઠવાડિયાની કાર્ય શિબિરમાં જે વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. તે કુમારી અઝરા સૈયદ અને શ્રીમતી અફસા કાદરીએ વિગતવાર ઉર્દૂ-ફારસી હસ્ત-પ્રત પરિચય અને અભ્યાસ વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરી અને પોતે મેળવેલ જ્ઞાનનો લાભ M.A.P.I. અને P.II નાં સૌ વિદ્યાર્થીઓને આપ્યો હતો.

આ તબક્કે ડૉ. કુરેશી સાહેબે વિદ્યાર્થીઓની રજૂઆત અને તેમના આત્મવિશ્વાસને બિરદાવ્યો હતો તથા જણાવ્યું હતું કે, આપણાં દેશનો વારસો આવી વણઉકેલાયેલી હસ્ત-પ્રતોમાં છૂપાયેલો છે. તે વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો આ પ્રયાસ ખરેખર સરાહનીય છે.

અધ્યક્ષસ્થાનેથી ડૉ. રંજનાબહેન અરગડેએ 'યુનિવર્સિટી સ્થાપના દિન' નિમિત્તે રજાનો દિવસ હોવા છતાં આવા કાર્યક્રમનાં આયોજનને બિરદાવતાં કહ્યું કે ઉર્દૂ-ફારસી વિભાગે ખરા અર્થમાં 'સ્થાપના દિન'ની ઉજવણી કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિભાગનાં અધ્યક્ષ ડૉ. ચાંદબીબી શેખે કર્યું હતું.

❑

### Department of English

**Term Opening :**

The Dept. of English began the second term on 9th Nov. 2006 with the felicitation of well known Gujarati poet Rajendra Shukla, a recipient of Narsimha Mehta award. He recited his poems on the occasion. On the same day students were welcomed with a surprise party.

**Weekly Seminar :**

In keeping with the Dept.'s tradition, we began this time's "Weekly Seminar Programme" on 29th Nov. 2006 with Dr. Ranjana Harish's lecture on this year's Booker Prize Awardee novelist Kiran Desai's The Inheritance of Loss. '

**1st Prize in the State level Elocution :**

Ms. Vagisha Raval of M. A. Part I was awarded the first prize at state level Elocution competition organized by the Gujarat Government on the topic "Save the Girl Child". The award was presented by Hon. Chief Minister Shree Narendra Modi.

**1st Prize in the State level Essay Writing :**

Ms. Jinna Mankad of M. A. Part I was declared the winner at state level Essay writing competition on the topic "Contemporary Relevance of Swami Vivekanand" organized by the Gujarat Government.

**American Prof.'s Lecture :**

Dr. David Sedkar of American University, Washington D. C. Delivered a Lecture on 4th Dec. 06 on the subject "Gender Equity in Classrooms" at a programme jointly organised by the Dept. of English and Women's Development Cell.

❑


## સમાજ વિદ્યાભવન

### Department of Labour Welfare

**UGC sponsered state level Seminar - A Report**

Seminar Theme :

**'Industrial Relations and Human resources management : Changing Realities'**




Dr. Parimal Trivedi, V.C., Gujarat University lighting the lamp at the inaugural function of the State level Seminar of Department of Labour Welfare on 10-1-2007.

Department of Labour Welfare, Gujarat University had organized a State level Seminar on January 10, 2007 at Mahatma Gandhi Labour Institute. The topic of the seminar was 'Industrial Relations And Human Resources Management : Changing Realities'

Hon. Vice Chancellor of Gujrarat University, Dr. Parimal Trivedi was the president of the Inaugural function. Shri Arun Sutaria D. G., MGLI and Shri Arun Solanki, the Labour Commissioner, Gujrart State were Guests of Honour in the inaugural function. The seminar began with a prayer sung by Vidhi, Suprity and Anokhi, students of MLW Department.

Dr. Rajasi clerk, HOD, Dept. of Labour Welfare, G. U. Presented the welcome Address and gave a theme overview for the seminar.

The Chief guest of the function, Hon'ble Vice Chancellor of Gujarat University in his presidential address said, 'A worker is a very inmportant tool for the present and future industrial growth. A new approach has to be cultivated to manage Labour force in existing industrial units'. He emphasized that in the era of globalization and free industrialization, growth must be achieved considering the human values.' The vote of thanks for this inaugural function was given by Dr. Sujatha Soni, faculty of Department of Labour welfare.

The seminar consisted of three Technical Sessions. The first Technical Session was on 'Labour reforms' under chairmanship of Prof. B. B. Patel and in the presence of Mr. A. M. Solanki, Labour Commissioner. Mr. D. C. Baxi, The Key Resource Person had presented on Labour Reforms. He drew the attention towards importance of Labour Reforms. He discussed the necessity of labour reforms for unorganized labour, three jewels of Labour Reforms i. e. Proper Exit Policy, Right balance in market forces and Integrated Approach. He also discussed the review of all Acts applicable in Special Economic Zones (SEZ).

The second technical session was on 'industrial relations-changing realities'. The Chairperson of this session was Shri Narhari Mavlankar, the chairman of Jenest Engineers and the Key Resource Person was Dr. Jerome Joseph, faculty of I.I.M., Ahmedabad. Dr. Joseph presented his views on International trends in Industrial Relations He presented two case studies of Volkswagen Models and Flexi firm model. He had also given comparison between situation of Trade Unions in six different countries.

Mr. Somnath Poddar, a participant in the Seminar presented on 'Managing I. R. - a Panacea for Corporate Illness' in this session.

The Third Technical Session was on 'Human Resource Management : Emerging Issues' under the chairmanship of Prof. C. Gopalkrishnan, A faculty of Nirma institute of managment and the Key Resource Person was Mr. Viral Mankodi, Sr. H. R. Manager of the Arvind Mills. He discussed various challenges for H. R. Mr. Hajari Naren, A participant gave his views on need of H. R. M. In Municipal Corporation. Ms. Juhi Shah discussed on Emerging Issues and Challenges of H. R. M. in B.P.O. sector. Ms. Yesha Patel presented her views on Role of I.T. in H.R.M. Mr. Digvijay Thakore discussed Change in Economic Environment, Market Forces, Competition of Product and emerging scenario.

After completion of the three Technical Sessions, for the Valedictory Session, Dr. A. V. Bhandari, the Registrar, G. U. was the Chief guest and Dr. Archana Dholakia, the Director of School of Social Sciences was the Guest of Honour.

Dr. A. V. Bhandari congratulated Dr. Rajasi Clerk for organizing successfully one day State level Seminar. He emphasized that human values and human relations continued to occupy central place even today as the fast economic growth must include all the members of the society.

Dr. Archana Dholakia appreciated the efforts made by all the members of the Department in successfully organising the event.

Prof. Alpa Mehta, faculty of Department, presented a vote of thanks to all participants and dignitaries.

The Programme was supported by the Office bearers of Alumni Association, Mr. Jayesh Saluja, Mr. Viral Mankodi, Mr. M. I. Joshipura, Mr. Rajesh Rabari, Mr. Hiren Vairagi and Mr. Vipul Pandya, The General Secretary, Bandhkaam Mazdur Sangathan had also participated actively in the Seminar. Mr. Jignesh Makwana had anchored the three Technical Sessions. Students of Department of Labour Welfare, Ms. Suprity S. Sarkar anchored the inaugural function and valedictory function.

All the students of the Department of Labour Welfare actively participated and had shown much enthusiasm for the whole programme. Faculties and research students of various Management Institutions had participated in the Seminar and made it a great success.

(Ms. Suprity Sarkar, Dept. of Labour Welfare)

❑

## સમાજશાસ્ત્ર વિભાગ

તા. ૨૭-૨૯, ડિસે. ૨૦૦૬ના રોજ મદ્રાસ ખાતે મદ્રાસ યુનિ. અને લોયલો કૉલેજના યજમાનપદે ૩૨મી ઓલ ઇન્ડિયા સોશિયોલોજીકલ સોસાયટી દ્વારા રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન થયું. સમાજશાસ્ત્ર વિભાગમાંથી અધ્યક્ષશ્રી, પ્રો. એમ. એચ. મકવાણા, પ્રો. જે. સી. પટેલ, ડૉ. ચંદ્રિકા રાવલ તેમ જ Ph.D. અને M. Phil.ના વિદ્યાર્થીઓએ ભાગ

લીધો અને નીચે મુજબ પોતાના સંશોધન પેપરો રજૂ કર્યા :

(૧) પ્રો. એમ. એચ. મકવાણા : Privatization, Reservation and Dalit's Development.

(૨) પ્રો. જે. સી. પટેલ : Class Room Interaction.

(૩) ડૉ. ચંદ્રિકા રાવલ : Empowerment of Scheduled Caste and Scheduled tribes through Education.

**વિદ્યાર્થી પ્રતિનિધીઓમાં**

(૧) પ્રા. પરેશ પરમાર - Ph.D.

(૨) ડૉ. ભરત વસૈયા - Ph.D.

(૩) નીકીન પટેલ - M. Phil.

(૪) ગાયત્રી પટેલ - M. Phil.

(૫) જયશ્રીબહેન પટેલ - M. Phil.

(૬) ધામોટ રઘુનાથ - M. Phil.

(૭) જયસુખ - M. Phil.

(૮) પ્રજાપતિ અકલેશ - M. Phil.

નો સમાવેશ થયો હતો. તેઓએ પોતાના અભ્યાસલેખ રજૂ કરવા સાથે ચર્ચામાં પણ ભાગ લીધો હતો.

❑

## રાજ્યશાસ્ત્ર વિભાગ

રાજ્યશાસ્ત્ર વિભાગમાં તા. ૫-૧૨-૨૦૦૬થી તા. ૧૫-૧૨-૨૦૦૬ સુધી યુ. જી. સી. વિઝીટિંગ ફેલો તરીકે પ્રો. ડૉ. આનંદ માવળંકર - અધ્યક્ષ રાજ્યશાસ્ત્ર વિભાગ, મ.સ. યુનિવર્સિટી, બરોડા, વડોદરાથી આવ્યા હતા.

તેમણે પોતાની મુલાકાત દરમિયાન એમ.એ.-૧ અને એમ.એ.-૨ના કેટલાક વર્ગો લીધા હતા. જેમાં તેમણે "આર્થિક સુધારાઓની ભારતના રાજકારણ ઉપર અસર, ૨૧મી સદીના આંતરરાષ્ટ્રીય રાજકારણના મહત્ત્વના મુદ્દાઓ, અમેરિકાની વિદેશનીતિ, ચીનની વિદેશનીતિ, મહત્ત્વના વૈશ્વિક મુદ્દાઓ ઉપર ભારતનો અભિગમ" વગેરે વિશે રજૂઆતો અને ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓમાં તેમના માટે સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો.

તા. ૧૩-૧૨-૨૦૦૬ના રોજ કાયદા ભવનમાં "વિકેન્દ્રીકરણ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ" વિષય ઉપર પ્રો. માવળંકરના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાયદાશાખામાં ભણતાં વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

આ ઉપરાંત તા. ૧૫-૧૨-૨૦૦૬ના રોજ યુનિવર્સિટી સંલગ્ન એસ. આર. મહેતા આર્ટસ કૉલેજ , નવગુજરાત કેમ્પસ ખાતે "આર્થિક સુધારાઓની ભારતીય રાજકારણ ઉપર અસર" વિષય ઉપર તેઓનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં કૉલેજ ના રાજ્યશાસ્ત્ર વિભાગના તેમ જ અન્ય વિભાગોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.

તા. ૧૫-૧૨-૨૦૦૬ના રોજ સમાજવિદ્યાભવનમાં રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે "વૈશ્વિકીકરણ અને ભારતના રાજકીય અર્થતંત્ર ઉપર તેની અસર" વિષય ઉપર જાહેર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં બંને વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યાં હતાં, તેમ જ રાજ્યશાસ્ત્ર વિષયના ભૂતપૂર્વ અધ્યાપકો, સ્થાનિક કૉલેજના અધ્યાપકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને આમંત્રિતો હાજર રહ્યા હતા અને વ્યાખ્યાનને ખૂબ જ જીવંત બનાવ્યું હતું.

વિદ્યાર્થીઓને જાહેર વહીવટ જેવા મહત્ત્વના વિષયમાં આવી રહેલાં પરિવર્તન અંગે વાસ્તવિક માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી વિભાગના ઉપક્રમે તા. ૨૨-૧૨-૨૦૦૬ના રોજ "જાહેર વહીવટના બદલાતાં પરિમાણો" વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે સરકારી અધિકારી ગુજરાત સરકાર શ્રી ડી. ડી. બારડ સાહેબ પધાર્યા હતા.

❑


# School of Science

## Botany Department

The First Refresher Course in Environmental Science was organized by the Academic Staff College from 26th September to 16th October 2006. Prof. Y. T. Jasrai, Head, Botany Department and Prof. N. K. Jain, Head, Life Science Department jointly co-ordinated the course. The course was inaugurated by Dr. Parimal Trivedi, Hon. Vice Chancellor, Gujarat University. The




ડૉ. હિતેશ સોલંકીના વડપણ હેઠળ એમ.એસસી. પાર્ટ-૨ના વિદ્યાર્થીઓનો કેરાળાનો શૈક્ષણિક પ્રવાસ



ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, બોટની ડિપાર્ટમેન્ટનાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે એ દૃશ્યમાન થાય છે.

participants were from all the disciplines of science from Gujarat University and other Universities. The participants benefited from the speakers who delivered lectures on an array of issues like Environmental deterioration, climate change, Remote sensing, EIA, Environmental disasters, Chemistry of water, Urban environment, Global Warming, Research methodology, Floride, Aflatoxin etc. concerning our environment.

The M.Sc. Part-II Students of Botany visited Kerala as part of their study tour with Dr. Hitesh Solanki as Excursion-in-Charge. The students visited various Institutes, Sanctuaries, Botanical Gardens, Plantations, Herbal/Spice Garden and National Parks in Kerala. Some of the prominent places they visited were TBGRI and CTCRI (Trivandram), KFRI (Pichi), NBPGR (Thrissur), Eravikulam National Park (Munnar), Spice Garden (Periyar), Rubber Plantations (on the way) Cardamum Research Institute, National Research Center on Banana (Thrissur). Shri R. B. Patel (Staff) who accompanied the group provided the much needed support to Dr. H. A. Solanki.

Dr. H. A. Pandya attended a training course at National Bureau of Plant Genetic Resources (NBPGR), New Delhi, for a period of 8 days on Cartagena, Protocol / Decisions to diagnostics organized by GEF World Bank.

Dr. Archana Mankad was invited by Science City, Ahmedabad as a panel Judge for selection of student projects for participation in National Children Science Congress to be held in Gangtok (26-30 December 2006). The Botany Department organized a State level test for the 'Minaxi Lalit Science Award' for the year 2006 on Sunday, 3rd December. A total of 355 students from all Science subjects appeared for the test at Ahmedabad Center. The toppers among the participants at the state level would be awarded these awards in various subjects during a special function later during this academic year.


The staff and Students visited the Indroda Nature Park as part of their GUBS activities. The Director of Geer foundation, Dr. C. N. Pandey took personal interest and facilitated the visit to the Dinosaur Park, Botanical Garden and other places of interest in the Park. Dr. Archana Mankad attended a three-days training programme at IIAR, Gandhinagar organized by CIMAP, Lucknow. The training focused on various aspects of medicinal and aromatic plants.

Prof. N. S. Sankhala, from Texas Agriculture & Medical University Dallas, Texas, U.S.A., delivered the J.J. Chinoy Memorial Lecture on 'Technological Deluge and the New look face of Plant Science : Genes, Dreams Realities and a bit of Nostalgia.' Prof. Sankhala enthralled the students with his crisp oration and colorful and highly informative presentation on new facets of plant sciences.



અભ્યાસ ઉત્સવના ભાગરૂપે સામૂહિક શૈક્ષણિક પ્રવાસનો મુક્ત આનંદ.

The Staff and Students of the department visited Vijaynagar Forest as part of their GUBS activities. The One-day Botanical Excursion involved the study of vegetation at the Vijaynagar Forest and study of medicinal plants at Antarsumba Ayurveda Garden. As 2006, came to a close, GUBS celebrated "Unity in diversity", a week long thematic expression of clebration.



Prof. N. S. Sankhala delivering J.J.Chinoy Memorial Lecture at the Botany Department.

**Dr. Y. T. Jasrai**
Professor & Head, Botany Department, University School of Sciences, Gujarat University, Ahmedabad-9.

## School of Education, Psychology and Philosophy




સર્ટીફિકેટ કૉર્સ ઇન ટેક્સેશનના તા. ૨૮-૧૧-૨૦૦૬ના દિવસે યોજાયેલ પરિસંવાદમાં શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ઉદ્‌બોધન કરી રહ્યાં છે. જેમાં, જમણેથી ડાબી તરફ પ્રો. આર. એસ. પટેલ, ડૉ. ઈનતાજ મલેક, ડૉ. પરિમલ ત્રિવેદી (વાઇસ ચાન્સેલર), ડૉ. વાય. એસ. શાસ્ત્રી, શ્રી ડી. બી. કામદાર વગેરે દૃશ્યમાન થાય છે.

Certificate distribution function of Certificate Course in Taxation was organized on 28-11-2006 in School of Psychology, Education and Philosophy. Smt. Anandiben Patel, Education Minister of Gujarat State was a Chief Guest. The function was presided over by the Dr. Parimal Trivedi Vice Chancellor, Gujarat University. Smt. Anandiben Patel appreciated the honorary service render by the visiting faculties. She honored them with Certificate of appreciation and memento. She praised the University authorities for starting this Certificate course in Gujarat University for the first time. She also distributed Certificates to successful students.

❑

## B. K. School of Business Management

A memorandum of understanding (MOU) was signed between Gujarat University and Birmingham college, U. K. on 13th December 2006. The MOU aims to develop and formalise academic co-operation between Business Schools of Gujarat University (B. K. School of Business Management and K. S. School of Business Management) and Birmingham College.

The MOU aims to carry out activities in the following areas:

- Development and delivering of new programmes that helps and support to both countries in the field of Management, Business, Industries and Social and Cultural development.
- Exchange of students, research scholars, management, educational and scholarly materials.

The MOU also projects to offer Summer project program and, develop and offer twin programmes to the students of the Business Schools of Gujarat University.

❑

# કેમ્પસ ન્યૂઝ

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં યોજાયેલ ગ્રંથપ્રદર્શન સંપન્ન

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તથા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ" નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત ગ્રંથોનું એક પ્રદર્શન તા. ૧૬થી ૧૮ નવેમ્બર, ૨૦૦૬ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથાલય, નવરંગપુરા, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું હતું.

ગ્રંથ પ્રદર્શન ઉદ્‌ઘાટન તા. ૧૬ નવેમ્બર, ૨૦૦૬ ગુરુવારના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

સમારંભ પ્રમુખ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એ. કે. સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

'ગ્રંથ પ્રદર્શન'માં પુસ્તકોની વ્યક્તિગત તથા સંસ્થાગત ખરીદી માટે ૨૦ ટકા વળતરની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

'ગ્રંથ પ્રદર્શન'માં વિદ્યાર્થીઓને મહત્ત્વનાં પુસ્તકો મળી રહ્યાં હતાં.

❑

# અધ્યાપક આલમ

## Department of Philosophy

Prof. Y. S. Shastri, Director University School of Psychology, Education and Philosophy, is honored with `Ambassador for peace Award' by the Universal Peace foundation Korea on 18th December, 2006, function helded in International Mahatma Gandhi Memorial School, Ahmedabad. This Award is bestowed on Dr. Shastri, for his contribution to World Peace through his research papers, books, lectures, seminars, workshop and conferences.

## ડૉ. આંબેડકર ચેર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

નવરચના કૉલેજ ઑફ એજ્યુકેશન, વડોદરા દ્વારા તા. ૬ જાન્યુ. ૨૦૦૭ના રોજ 'Relevance of Dr. Ambedkar's Economic Philosophy in Today's Context' વિષય એક દિવસીય રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં પ્રો. (ડૉ.) મનુભાઈ એચ. મકવાણા, ચેર પ્રોફેસર ડૉ. આંબેડકર ચેર, ગુજરાત યુનિવર્સિટીએ 'વર્તમાનમાં ડૉ.આંબેડકર અને ભારતની આર્થિક નીતિ' વિષય ઉપર સમાપન વક્તવ્ય આપ્યું હતું.

## લેબર વેલ્ફેર વિભાગ

લેબર વેલ્ફેર વિભાગના અધ્યક્ષ પ્રો. રાજસી ક્લાર્ક તથા વ્યાખ્યાતા શ્રીમતી અલ્પાબેન મહેતા દ્વારા નવરચના કોલેજ ઓફ એજ્યુકેશન, વડોદરા ખાતે ૬ જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ "Relevance of Dr. Ambedkar's Economic Philosophy in Today's context" વિષય ઉપર યોજાયેલા એક દિવસીય રાજ્યકક્ષાના પરિસંવાદમાં "Dr. Ambedkar's Philosophy on Labour Policy" ઉપર એક સંશોધનપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ❑

## Department of Psychology

A paper titled `Psychological aspects of the Increasing Prevalence of Diabetes in India and Globally' Dr. Kamayani Mathur, Reader Department of Psychology has been published in the Gujarat Academy of Psychology, Ahmedabad Vol. 20, Page 43, October-December' 2006.

She also presented a paper titled 'Review of Suicidal Causes in Teenagers and possible remedial measures' at a State Level Conference organized by Gujarat Academy of Psychology at Ahmedabad, Gujarat on `Innovative Dimensions of Psychology : Counselling for Prevention of Suicide' on September 17th, 2006.

She was invited as a Resource person to chair one session at a State Level Conference organized by Gujarat Academy of Psychology at Ahmedabad, Gujarat on `Innovative Dimensions of Psychology : Counselling for Prevention of Suicide' on September 17th, 2006.

Dr. Mathur attended a full day seminar on the 150th Birth Anniversary of Dr. Sigmund Freud at L & C Mehta Arts College, Ahmedabad on 23rd September, 2006 and was invited as a judge in the Inter-Zonal Youth Festival for Rangoli by J. G. College of Commerce on 8th October, 2006.

## Physics Department

Dr. P. D. Lele and Prof. Sandip Trivedi (Physics Department, C. U. Shah Science College) participated in National Competition for Innovative Experiments in Physics (NCIEP-2006). They were invited at the XXI Annual Convention of IAPT (Indian Association of Physics Teachers) at Jabalpur (M.P.) during 2-4 Nov. 2006 to demonstrate their experiment titled `AUDIO COMMUNICATION USING LED AND FIBER OPTICS'. This was judged among the top ten experiments in the competition for which they were awarded certificates.

At the above convention in Jabalpur they also made following two paper presentations :

1. INNOVATIVE DEMONSTRATION EXPERIMENTS
   - [a] DIGITIZATION OF SIGNAL : ADC & DAC
   - [b] TIME DIVISION MULTIPLEXING : Audio, Visual Displays, Digital Panel meter
   - [c] ANALYSIS AND SYNTHESIS OF WAVEFORMS : Fourier Analysis
2. PRINCIPLES OF ROBOT MOTION

They demonstrated these experiments and were given mementos for this.

Dr. Lele, Sandip Trivedi (Physics Department, C. U. Shah Science College) & Hetal D. Patel (student of M. Sc. Electronics Sem III) were invited at the "Atmiya Nirman Competition" for Innovative experiments model presentation. This was a part of ATMIYA SCITECH UTSAV 2006 (YOGIDHAM GURUKUL) at Rajkot (Gujarat) during 1-3 December 2006. They made following experimental working model presentations :

1 Robot - Principles of Motion
   * Robot using Manual Switches
   * Advanced Robot using microcontroller with LCD display and sensors.

2 Wireless DTMF Communication using Mobile phone to switch Electric Devices.

3 Wireless Digital Duplex Optical IGITAL DUPLEX OPTICAL Communication using Microcontroller.

The experiment titled "Principles of Robot Motion" stood first in the competition. They were awarded First prize memento, cash prize of Rs. 501 and certificates.

## અંગ્રેજી વિભાગ

ડૉ. રંજના હરીશ (અધ્યક્ષ અંગ્રેજી વિભાગ, ગુજ.યૂનિ.) દ્વારા લિખિત અંગ્રેજી પુસ્તક 'Indian Women's Autobiograhpies' (1993 મુલ્કરાજ આનંદના પુરોકથન સાથે)નો બેલા ઠાકરે કરેલો ગુજરાતી અનુવાદ 'ભારતીય સ્ત્રીઓની આત્મકથાઓ' (૨૦૦૬) ગુર્જર પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયેલ છે. ડૉ. દર્શના ત્રિવેદી (રીડર, અંગ્રેજી વિભાગ) તથા ડૉ. રૂપાલી બર્ક (અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, સહજાનંદ કૉમર્સ કૉલેજ) દ્વારા અનુદિત નાટ્ય સંગ્રહ Two plays Aurangzeb and Naishadhrai (મૂળ લેખક ચિનુ મોદી)નું પ્રકાશન ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા (ડિસે. ૨૦૦૬)માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

## સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ

સી. યુ. શાહ સાયન્સ કૉલેજમાં બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં લેકચરર તરીકે ફરજ બજાવતા શ્રી અજીત વિનોદચંદ્ર પંડ્યા દ્વારા December 2-4, 2006. દરમિયાન નવી દિલ્હી, જામિયા હમદર્દ યુનિ. ખાતે ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં પેપર પ્રેઝન્ટ કરવામાં આવ્યું હતું, જેનો વિષય : Comparative study of enzymes in normal and cataractous human lens હતો. જેમાં NESA (National Env. Sc. Academy) દ્વારા તેઓને ગોલ્ડમેડલ, ટ્રોફી (Momento) અને સર્ટિફિકેટ્સ વગેરે એનાયત થયાં હતાં. તથા Environmentalist of the year-2005 તરીકે એવૉર્ડ આપવામાં આવેલ હતો.

❑

# વિદ્યાર્થી વિશ્વ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુલાઈ ૨૦૦૬માં શરૂ કરવામાં આવેલ "Certificate Course in Taxation"ની સપ્ટેમ્બર ૨૦૦૬માં લેવાયેલ પરીક્ષામાં પ્રિતેશ એસ. ગાંધી એ ૩૦૦માંથી ૨૨૯ ગુણ પ્રાપ્ત કરી ૭૬.૩૩ ટકા (A Grade) સાથે વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

પ્રિતેશ એસ. ગાંધીને વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવવા બદલ તા. ૨૮ નવેમ્બર, ૨૦૦૬ના મંગળવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે 'સ્કૂલ ઑફ સાયકોલૉજી, એજ્યુકેશન તથા ફિલોસૉફી ખાતે યોજાયેલ 'Certificate Presentation Ceremony' માં ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના પ્રમુખસ્થાને અને ગુ.યુ.ના કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાયેલ સમારંભમાં 'VAT GUIDE GOLD MEDAL' આપવામાં આવ્યો હતો.

(માહિતી : દૂધવાલા મોહમંદ હુસેન એ.)

❑

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના દિને કાવ્યકૃતિ દ્વારા સ્વાગત

તા. ૨૩-૧૧-૨૦૦૬ના રોજ ગુજરાત યુનિવર્સિટીએ ૫૭ વર્ષ પૂરાં કર્યાં અને ૫૮મા વર્ષે મંગલ પ્રવેશ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીને કાવ્ય અર્પણ :

**ગુજરાત યુનિવર્સિટીને**


"રે વ્હાલી"
નવા વિક્રમો સર્જતી,
નવા વિચારો બદલતી,
નવા કોર્સની પરંપરા સર્જતી
'योगः कर्मसु कौशलम् ।' હેતુ સિદ્ધ કરતી,
સર્વક્ષેત્ર સક્રિય રહેતી,
વિદ્યાર્થીહિતની રક્ષા કરતી.
શૈક્ષણિક ક્ષેત્રે સતત આગળ,
અન્યને પૂર સહાયમાં પણ આગળ.
'વિદ્યા' દ્વારા સર્વક્ષેત્ર જ્ઞાન પીરસનારી,
'વિદ્યાવૃત્ત'માં સર્વક્ષેત્ર જાણકારી આપનારી.
'Forensic' જેવા કોર્સ પ્રારંભ કરનારી,
સમયની માંગ સાથે ચાલનારી,
નવો અભ્યાસક્રમ દાખલ કરી,
નવા નવા માર્ગ ચીંધનારી,
અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનારી,
પ્રગતિના પંથે લઈ જનારી,
જીવનને સફળતાનો માર્ગ અપાવનારી,
'ચપળ મિજાજ' ધરાવનારી
ગર્વ લઉં છું તેવી યુનિવર્સિટીનો,
મારી વ્હાલી હે 'ગુજરાત યુનિવર્સિટી'.
સિદ્ધિઓના શિખરો સર કરતા રહી,
સર્વક્ષેત્ર અગ્રણી રહો 'ગુજરાત યુનિવર્સિટી'

**- દૂધવાલા મોહમંદ હુસેન એ.**

❑

# કૉલેજ કોર્નર

## લીમખેડા કૉલેજમાં પ્રિ. ચં. પૂ. વ્યાસ વ્યાખ્યાનશ્રેણી



પ્રિ. ચં. પૂ. વ્યાસની છબીને માલ્યાર્પણ કરી દીપ પ્રગટાવતાં ડૉ. સિતાંશુ યશશ્ચન્દ્ર અને ડૉ. પ્રવીણ દરજી

લીમખેડા કૉલેજમાં તા. ૫-૧-૨૦૦૭ ને શુક્રવારના રોજ ડૉ. ચં. પૂ. વ્યાસ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ કવિ અને વિવેચક ડૉ. સિતાંશુ યશશ્ચંદ્રના પ્રમુખપણા હેઠળ એક દિવસીય કાવ્ય શિબિરનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ગુજરાતી સાહિત્યના જાણીતાં લલિત નિબંધકાર ડૉ. પ્રવીણભાઈ દરજી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની ઉદ્‌ઘાટન બેઠકમાં ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર પદ્મશ્રી એવૉર્ડ તથા ડૉ. પ્રવીણભાઈ દરજી નાનાલાલ એવૉર્ડથી સન્માનિત થયા હોવાથી, આ બંને મહાનુભાવોને લીમખેડા કૉલેજ પરિવાર તરફથી કૉલેજ સંચાલક મંડળના પ્રમુખ શ્રી બિજલભાઈ તથા સંચાલક મંડળના સભ્યશ્રી દાસકાકાના વરદ્ હસ્તે શાલ ઓઢાડી, સ્મૃતિ ચિહ્‌ન આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના પ્રિ. જી. આર. શર્માએ સ્વાગત પરિચય કરાવતાં સ્વ. પ્રિ. ચં. પૂ. વ્યાસ સાહેબની સ્મૃતિને વાગોળી અત્રે ઉપસ્થિત મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમના બીજા ચરણમાં જુદી જુદી કૉલેજના ગુજરાતીના અધ્યાપકોએ પસંદગી કરેલી છ કવિતાઓનું પઠન કરીને નિદર્શન કરાવ્યું હતું. ત્યારબાદ દાહોદ-પંચમહાલની જુદી-જુદી કૉલેજના ઓગણીસ વિદ્યાર્થીઓએ સ્વરચિત કવિતાનું પઠન કર્યું હતું, આ પ્રસંગે વિદ્યાર્થી-કવિઓની કવિતાને મઠારતાં ડૉ. પ્રવીણભાઈ દરજીએ કવિતા કોણ કરી શકે ? કવિતાં ક્યાં છે ? એ સંદર્ભે અનેક દૃષ્ટાંતો દ્વારા વિદ્યાર્થી કવિઓને સમજાવ્યું કે તમારે કવિતા માટે 'શૈશવની મંજૂષા' ખોલવી પડે, વર્ષોના અનુભવોને લોહીના લયમાં ભળી જવા દો, ભરપૂર કવિતા વાંચો, અનુભવો કરો, વિસ્મયથી જોતાં થાઓ તો પછી કવિતા આવશે. હાલ કવિતા ગઝલમાં અટવાઈ પડી છે, તે માટેનો અફસોસ વ્યક્ત કરી, સાચી કવિતા તરફ વળવાનો અનુરોધ કર્યો હતો.

કાવ્ય શિબિરના અધ્યક્ષશ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ ઉદ્‌ઘાટન બેઠકમાં 'કવિતા અને જીવન' અંગે તેઓના અધ્યક્ષીય વક્તવ્યમાં વિદ્યાર્થી કવિઓની કવિતામાં સમાર્જન કરી કહ્યું કે 'કવિતા જિંદગીની જેમ બહુરૂપિણી છે, જીવન અને કવિતાને સમજવાની એક રીત નથી.'

વિદ્યાર્થી કવિ કવિતાનું સમારકામ કરતાં તેમણે વધુમાં કહ્યું કે હું તો તમારો દુશ્મન થઈને આવ્યો છું, વર્ષોથી તમારા માનસમાં જે ખોટી ગ્રંથિઓ બંધાઈ છે, ખોટા ખ્યાલો ઘર કરી ગયા છે, એને સાફ કરવા આવ્યો છું અને એ રીતે હું સર્જક નહિ પણ સર્જન કરું છું.

આ કાર્યક્રમની બીજી વિશેષતા એ રહી કે અત્રે વંચાયેલી દરેક વિદ્યાર્થી-કવિઓની કવિતાને લીમખેડાના શ્રી વિજયભાઈ ધરિયાએ ૧૦૦-૧૦૦ રૂ. આપી પ્રત્યેક વિદ્યાર્થીને પ્રોત્સાહિત કર્યાં હતાં.

આ પ્રસંગે આસપાસની કૉલેજના અગિયાર અધ્યાપકો, તેતાલીસ વિદ્યાર્થીઓ, પ્રિ. ચં. પૂ. વ્યાસના પરિવારજનો, મિત્રો, વ્યાસ સાહેબના વિદ્યાર્થીઓ, ઝાલોદ, સંતરામપુર તથા ગોધરા કૉલેજના પ્રિન્સિપાલ અને ૩૦૦ જેટલા લીમખેડા કૉલેજના વિદ્યાર્થીઓએ હાજર રહી આ કાવ્ય શિબિરને સફળ બનાવી હતી, સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કૉલેજના ગુજરાતી વિષયના પ્રા. જે. યુ. નાયક તથા આભારદર્શન પ્રા. આર. ડી. ચૌધરીએ કર્યું હતું.

❑

## બી. ડી. આર્ટસ કૉલેજ, અમદાવાદ

તા. ૨૮-૧૨-૨૦૦૬ના રોજ આદરણીય આચાર્યા ડૉ. ગીતાબેન મહેતાના નેતૃત્વ હેઠળ પર્યાવરણ તથા ટ્રાફિક અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના અધ્યાપકગણ, સર્વે સદસ્યો તથા વિદ્યાર્થિની બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં. રેલી સાંકડીશેરી, રાયપુર ચકલા, માણેકચોક વિસ્તારમાં ફરી અને ફરતા-ફરતા બહેનોએ સૂત્રોચ્ચાર

દ્વારા શહેરના રહીશોનું ધ્યાન દોર્યું. સ્થાનિક રહીશોની મદદ વડે સાંકડી શેરીમાં રસ્તાની એક બાજુએ પાર્કિંગની વ્યવસ્થાનો અમલ કરાવ્યો. 'ઝડપની મજા, મોતની સજા' તથા 'मधुवाता ऋतायते' - પર્યાવરણ જાળવણી માટે તથા ફાસ્ટફૂડથી શારીરિક સ્વાસ્થ્ય સામેના જોખમો રજૂ કરવામાં આવ્યાં.

તા. ૨-૧-૨૦૦૭ના દિને સરસ્વતીદેવીનું પુષ્પહાર અને શ્લોકગાન દ્વારા પૂજન કર્યું તથા પંચકુંડી ગાયત્રીયજ્ઞ (હોમાત્મક) સંસ્થા દ્વારા કરવામાં આવ્યો અને નવા વર્ષનું સ્વાગત કર્યું. આચાર્યા શ્રી ડૉ. ગીતાબેને ગાયત્રીમંત્રના ગાન કરવાની મહત્તા સમજાવી શ્રી સૂર્યનારાયણ દેવની સામૂહિક વંદના કરાવી.

❑

## આર્ટસ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ બોરસદ

આર્ટસ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ બોરસદના એન. એસ. એસ. યુનિટની વાર્ષિક શિબિર પેટલાદ તાલુકાના રૂપિયાપુરા ગામમાં તા. ૬-૧૧-૦૬થી ૧૫-૧૧-૦૬ દરમિયાન યોજાઈ હતી. તા. ૭-૧૧-૦૬ના રોજ એન. એસ. એસ.ની વાર્ષિક શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્યમહેમાનપદે ગામના સરપંચશ્રી તથા ન્યુ ઇંગ્લીશ સ્કૂલના આચાર્યશ્રી, સ્ટાફ તથા સમગ્ર ગ્રામજનોએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પ્રા. આર. એમ. પટેલે આશીર્વચન પાઠવી વિદ્યાર્થીઓને સમાજસેવા કરવાનું આહ્‌વાન કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી રિન્કુબેન શાહે આભાર વિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું શિબિરાર્થીઓએ સફળ સંચાલન કર્યું હતું.

એન. એસ. એસ.ની વાર્ષિક શિબિરના ભાગરૂપે અનેક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં તા. ૮-૧૧-૦૬ના રોજ લાયન્સ ક્લબ બોરસદ તથા નિદાન લેબ.ના સૌજન્યથી ડાયાબિટિસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામની ૫૩ જેટલી વ્યક્તિઓએ મફત સેવાનો લાભ લીધો હતો.

તા. ૯-૧૧-૦૬ના રોજ જાગૃત મહિલા સંગઠનના પ્રમુખશ્રી આશાબેન દલાલ તથા મંત્રીશ્રી કોકિલાબેન પટેલે મહિલાના હક્કો વિશે માહિતી આપી હતી.

તા. ૧૦-૧૧-૦૬ના રોજ લાયન્સ ક્લબ બોરસદ તથા ઈન્દુ બ્લડ બેંક આણંદના સૌજન્યથી 'એઈડ્‌ઝ અવેરનેસ' કાર્યક્રમ યોજાયો હતો.

તા. ૧૧-૧૧-૦૬ના રોજ 'પશુ ચિકિત્સા કેમ્પ' યોજવામાં આવ્યો હતો. જેમાં આણંદ વેટરીનરી કૉલેજના ડૉ. શ્રી રાવલસાહેબ, ડૉ. કેલાવાલા તથા અન્ય ડૉક્ટરોની ટીમ તથા પેટલાદના ડૉ. દોશીસાહેબે સેવાઓ આપી હતી. આ કેમ્પમાં ગામના લોકોએ પોતાના બીમાર પશુઓની સારવાર મેળવી હતી.

તા. ૧૧-૧૧-૦૬ થી તા. ૧૫-૧૧-૦૬ સુધી કાયાવરોહણ યોગ સંસ્થા દ્વારા એન. એસ. એસ.ની શિબિરમાં પાંચ દિવસ સુધી 'યોગ શિબિર' યોજાઈ હતી. જેમાં શ્રીમતી આશાબેન ગોહેલે શિબિરાર્થીઓને યોગની તાલિમ આપી હતી.

તા. ૧૫-૧૧-૦૬ ના રોજ એન. એસ. એસ. યુનિટની વાર્ષિક શિબિરની પૂર્ણાહુતિ યોજાઈ હતી. જેમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. એલ. પી. જોષીએ, મુખ્ય મહેમાન તરીકે હાજર રહી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ ઉપરાંત લાયન્સ ક્લબ બોરસદના પ્રમુખશ્રી રાકેશભાઈ શાહ, રૂપિયાપુરા ગામના સરપંચશ્રી ભૂપેન્દ્રભાઈ ડી. પટેલ, પ્રા. શાળાના આચાર્યશ્રી તથા શ્યામ યુવક મંડળ સદસ્યો તથા ગ્રામજનો હાજર રહ્યા હતા. એન. એસ. એસ. પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી રિન્કુબેન શાહે શિબિર દરમિયાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. શ્રી રાકેશભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન કરી શિબિર દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ ઈનામ વિતરણ કર્યું હતું.

તા. ૨૭-૧૧-૦૬ના રોજ આર્ટસ, કૉમર્સ અને સાયન્સ કૉલેજમાં ચાલતા ડબલ્યુ. ડી.સી. અંતર્ગત 'બહેનોનો મેનોપોઝ' વિષય ઉપર એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં બોટની વિભાગના પ્રા. શ્રીમતી રિન્કુબેન શાહે 'બહેનોનો મેનોપોઝ' વિશે તેના તબક્કા અને લક્ષણો જેવી વિસ્તૃત ચર્ચા કરી હતી. ઉપરોક્ત કાર્યક્રમનું ડબલ્યુ. ડી. સી. સમિતિના કન્વીનર પ્રા. કુ. ઈન્દિરાબેન આર. શાહે સફળ સંચાલન કર્યું હતું. આ વ્યાખ્યાનમાં કૉલેજની ૧૦૦ કરતાં વધારે બહેનોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

❑

## ખંભાત આર્ટસ, કૉમર્સ અને સાયન્સ કૉલેજમાં CWDC દ્વારા 'બેટી બચાવો' વિષય પર વ્યાખ્યાન

ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત આર્ટસ, કૉમર્સ અને સાયન્સ કૉલેજના કૉલેજીએટ વુમન્સ ડેવલપમેન્ટ કમિટી (CWDC) દ્વારા લાયન્સ ક્લબ અને લાયોનેસ ક્લબનાં સહયોગથી તા. ૮-૯-૨૦૦૬, શુક્રવારનાં રોજ 'બેટી બચાવો' 'SAVE DAUGHTER' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રોગ્રામનાં મુખ્ય વક્તા ડૉ. વિનોદભાઈ રાવલે માહિતી-સભર વક્તવ્ય આપી વિદ્યાર્થિનીઓને ઉપયોગી એવું માર્ગદર્શન

પૂરું પાડ્યું હતું. પ્રોગ્રામનું આયોજન CWDC નાં ચૅરપર્સન શ્રી એન. ટી. ભટ્ટ તથા કન્વીનર પ્રો. અનીતાબેન પી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજમાં 'મ્હેંદીનાં ડેમોન્સ્ટ્રેશન'નું આયોજન હોમ સાયન્સનાં અધ્યક્ષ પ્રો. અનીતાબેન પી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડેમોન્સ્ટ્રેશન આપવા માટે શ્રીમતી ઉષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રકારની મ્હેંદી જેવી કે અરેબીયન મ્હેંદી, જરદોશી મ્હેંદી, નેલપોલીશ મ્હેંદી વગેરે વિશે ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું જે વિદ્યાર્થિનીઓએ ખૂબ જ રસપૂર્વક નિહાળ્યું હતું.

❑

## થેલેસેમિયા રોગ અંગે પ્રવચન

શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શ્રી આર. પી. આર્ટસ, શ્રી કે. બી. કૉમર્સ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજમાં તા. ૬-૧૨-૨૦૦૬ને બુધવારના રોજ થેલેસેમિયા રોગ અંગે જાગૃતિ 'વિષયક સેમિનાર યોજાયો હતો. જેમાં રોગ અંગે જાણકારી માટેનું સુંદર પ્રવચન ગુજરાત યુનિવર્સિટીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર શ્રી મુકેશભાઈ માંકડ તથા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના ઓનરરી સેક્રેટરી શ્રી મહેશભાઈ ત્રિવેદીએ આપ્યું હતું. પેટલાદ આર્ટસ ઍન્ડ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી વિમલ જોષીએ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સક્રિય ભાગ લીધો હતો. પ્રો. કે. ટી. ગોસાઈએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને આ પ્રસંગનું આયોજન પ્રો. શ્રી સી. કે. જાદવ અને પ્રો. શ્રી એમ. કે. મેકવાને સંભાળ્યું હતું અને આ સાથે રેડરિબિન ક્લબની વિદ્યાર્થીઓની મિટિંગ યોજાઈ હતી.

❑

## R. H. Patel Arts and Commerce College

**Red Ribbon Club - BLOOD-DONATION CAMP**

Committed to community service and social awareness, the RED RIBBON CLUB of RHPACC jointly with The Indian Red Cross & The Lions Club of Perfection organized a blood donation camp at the RHPACC campus on the 27th Dec. 2006. As a part of celebration of various Days, the day was celebrated with the noble intention of glorifying and practicing the worthy tradition of Blood-donation. The members of the club succeeded in motivating a number of students for donating their blood. As a result, the students along with the Principal & many of staff members donated 80 units of blood. The camp was organized in a very airy and well-ventilated room in a very hygienic atmosphere. The young and dynamic trustee of the college Dr. Saurabh P. Patel remained present at the venue and motivated the students. All blood-donors were honoured with token gifts by the Lions Club of Perfection.

Prin. (Dr.) S. N. Iyer

❑

## કરજણ કૉલેજ નાટ્ય તાલીમ કાર્યશાળા

તા. ૨૪/૨૫/૨૬ ડિસેમ્બર દરમિયાન શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ, કરજણના યજમાનપદે યુ.જી.સી. અનુદાનિત ત્રિદિવસીય નાટ્ય તાલીમ કાર્યશાળાનું આયોજન થયું. જેમાં ત્રણ જિલ્લાની અઢાર કોલેજો અને ત્રણ સ્થાનિક શાળાના ૨૨૩ જેટલાં વિદ્યાર્થી તાલીમાર્થીઓએ ભાગ લીધો.

સમારંભનું ઉદ્‌ઘાટન પર્ફોર્મિંગ આર્ટસના ભૂતપૂર્વ ડીન અને પ્રખ્યાત નાટ્યવિદ્, અભિનેતા શ્રી માર્કંડ ભટ્ટ તેમજ કરજણ કેળવણી મંડળના ટ્રસ્ટીઓના વરદ્ હસ્તે સંપન્ન થયું. પ્રથમ બેઠકમાં એસ. પી. યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. નવનીત ચૌહાણે અભિનયના મહત્ત્વનાં અંગો અને બોડી લેંગ્વેજનું પરિચયાત્મક નિદર્શન કર્યું. બીજી બેઠકમાં પર્ફોર્મિંગ આર્ટસના વર્તમાન ડીન ડૉ. મહેશ ચંપકલાલે ઈમ્પ્રોવાઈઝેશનને કેન્દ્રમાં રાખીને નાટ્યકલાના મહત્ત્વના પાસાંઓનો આસ્વાદ્ય શૈલીમાં પરિચય કરાવ્યો. રાત્રે શ્રી પ્રવીણ સોલંકી લિખિત અને સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત 'ખાનદાન'નો નાટ્યપ્રયોગ દર્શાવવામાં આવ્યો.

તા. ૨૫ના રોજ પ્રથમ બેઠકમાં ભવાઈનાં તજજ્ઞ શ્રી જગદીશ ભટ્ટે ભવાઈનો સમય, સ્ટેજ, પાત્રશૃંગારપ્રણાલી, બોલી વગેરે સહિત ભવાઈ વિશે છણાવટ અને અભિનય સહિત નિદર્શન કર્યું. બીજી બેઠકમાં પર્ફોર્મિંગ આર્ટસના વોઈસ ઍન્ડ સ્પીચના પ્રાધ્યાપક ડૉ. ભાનુપ્રસાદ ઉપાધ્યાયે સ્વરશુદ્ધિ - ઉચ્ચારશુદ્ધિ સહિત વાચિક અભિનયનો ખ્યાલ આપ્યો અને કાવ્યવાચન કરાવીને ઉચ્ચારશુદ્ધિની તાલીમ આપી. ત્રીજી બેઠકમાં માઈમના તજજ્ઞ પ્રાધ્યાપક શ્રી દર્શન પુરોહિતે માઈમકલા, વિભાવના અને મુવમેન્ટનો ખ્યાલ આપ્યો અને માઈમની રીતિ - હાવભાવ, અંગ-પ્રત્યંગનો ઉપયોગ અને અભિવ્યક્તિનો પરિચય કરાવી નિદર્શન આપ્યું. ચોથી બેઠકમાં પ્રસિદ્ધ નાટ્ય દિગ્દર્શક અને કોરિયોગ્રાફર શ્રી ફણીશાઈ ચારીએ દૃશ્ય રચના અને કોરિયો ગ્રાફી પર નિદર્શનાત્મક વ્યાખ્યાન આપ્યું - નાટકના ઘટકો, દૃશ્યસંરચના, નાટકનો ઇતિહાસ ઇત્યાદિનો ખ્યાલ આપ્યો - મધુ રાયના 'કલ્કી' નાટકનું સંવાદ પઠન કરાવ્યું અને શિબિરાર્થીઓ પાસે કોરિયોગ્રાફી

કરાવી. રાત્રે શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત 'બા રીયાયર થાય છે' નો નાટ્યપ્રયોગ દર્શાવવામાં આવ્યો.

તા. ૨૬ના રોજ અંતિમ દિવસની પ્રથમ બેઠકમાં ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટસના ડીન અને સુપ્રસિદ્ધ નાટ્યવિદ્ ડૉ. મહેશભાઈએ અભિનયમાં એકાગ્રતા કેટલી મહત્ત્વની છે એ સમજાવીને વિવિધ ટુકડીઓ પાડી વિદ્યાર્થીઓ પાસે પ્રેક્ટિકલ કરાવ્યું હતું. વિદ્યાર્થીઓએ સુખદ અનુભવ તરીકે અંતિમ દિવસની આ ચિરંજીવ પળોને માણી હતી. શિબિરના અંતિમ ચરણના તબક્કામાં પૂર્ણાહુતિ સમારંભ યોજાયો. જેમાં ડભોઈની આર્ટસ / સાયંસ કૉલેજના આચાર્યશ્રી જે. એસ. પટેલ સાહેબની વિશેષ ઉપસ્થિતિ હતી. પૂર્ણાહુતિના અતિથિ વિશેષ શ્રી જગદેવસિંહ પરિહારજી (માનદ્ મંત્રીશ્રી : કરજણ તાલુકા કેળવણી મંડળ) ઉપસ્થિત રહ્યા હતા ને સાથે મંડળના પ્રમુખશ્રી કેસરીસિંહજી રાજ પણ બિરાજમાન હતા. સૌ મહેમાનોનું ઉષ્માપૂર્ણ સ્વાગત આચાર્યશ્રી વિનોદકુમારે કર્યું હતું - આભારદર્શન હિન્દી વિભાગના અધ્યાપકશ્રી ડૉ. ધનંજય ચૌહાણે કર્યું હતું. અધ્યાપકોમાંથી સુ. શ્રીમતી નિવ્યાબેન પટેલ (આંકલાવ) અને શ્રી કિરીટ પટેલ ગ્રંથપાલશ્રી (પાવી-જેતપુર) એ લાગણી સભર પ્રતિભાવો આપ્યાં હતાં. સમગ્ર મુખ્ય બેઠકોનું ઉદ્‌ઘાટન - પૂર્ણાહુતિનું સફળ - સુચારુ સંચાલન હિન્દી વિભાગના વરિષ્ઠ અધ્યાપક અને કવિશ્રી ડૉ. રજનીકાંત શાહે કર્યું હતું.


આ નાટ્યતાલીમ કાર્યશાળાના સફળ સંચાલનનું શ્રેય અધ્યક્ષ અને આચાર્ય શ્રી ડૉ. વિનોદકુમાર પટેલ, સંયોજકશ્રી ડૉ. રજનીકાંત શાહ, કરજણ કૉલેજ પરિવાર તથા કરજણ કેળવણી મંડળના ટ્રસ્ટીઓને ફાળે જાય છે.

❑

## વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટસ, અમદાવાદ

### ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનો અહેવાલ

તા. ૬ ડિસેમ્બર, ૨૦૦૬ને બુધવારે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટસ તથા વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પવા યોજાયેલ કાર્યક્રમમાં વક્તૃત્વ તથા નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત શ્લોક ગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. બાબાસાહેબને શ્રદ્ધાંજલિરૂપે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું તથા તેમની પ્રતિમાને સર્વે દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવેકાનંદ કૉલેજના આચાર્યશ્રી



ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમેત્તે આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમ - વિવેકાનંદ કોલેજ

પદ્મનાભભાઈ અગ્નિહોત્રી તથા વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલયના આચાર્યશ્રી મનોજભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

મુખ્ય વક્તા તરીકે પ્રા. સી. ડી. અલગોતર ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આર્ટસ અને વાણિજ્ય કૉલેજના પ્રાધ્યાપક મિત્રો આ કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન યોજવામાં આવેલી વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની યાદી નીચે મુજબ છે :

**વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટસ**

(૧) વ્યાસ આનંદ એફ. વાય. બી.એ.

(૨) જોષી પ્રતિક ટી.વાય.બી.એ.

(૩) વાઘેલા નીતિન એફ.વાય.બી.એ.

**વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય**

(૧) ખલાસ રાજેશ એફ.વાય.બી.કોમ.

(૨) કનોજિયા કુસુમ એફ.વાય.બી.કોમ.

(૩) મક્રાશ્રે નીલાવતી એફ.વાય.બી.કોમ.

વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક ગણની ભૂમિકા માનસશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. દક્ષાબેન પરીખ તથા વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલયના પ્રા. ભાવનાબેન જનસારીએ સંભાળેલ હતી. વક્તૃત્વ સ્પર્ધાના અંતે ત્રણ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. જેમના નામો નીચે મુજબ છે :

(૧) કનોજિયા કુસુમ (૨) જોષી પ્રતિક

(૩) વ્યાસ આનંદ

આ ત્રણે વિજેતાઓને અનુક્રમે રૂ. ૫૧, રૂ. ૩૧ અને રૂ. ૨૧ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. પ્રાપ્ત થયેલા લેખિત નિબંધોમાંથી બે વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

આચાર્ય શ્રી પદ્મનાભભાઈ અગ્નિહોત્રી સાહેબે ડૉ. બાબાસાહેબના જીવન- કથન વિશે વાતો કરી હતી તથા તેમના જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાઓની છણાવટ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના પ્રા. દિનેશ પંડ્યા તથા વાણિજ્ય મહાવિદ્યાલયના પ્રા. માલતીબેન વાળાએ કર્યું હતું. સમારંભનું સમાપન રાષ્ટ્રગીતના ગાન સાથે કરવામાં આવ્યું હતું.

❑

## ડભોઈ બી.એડ્. કૉલેજમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી



શેઠ એમ. એન. સી. એજ્યુકેશન કૉલેજ, ડભોઈ દ્વારા વિધવિધ રમત-ગમતનું ત્રિદિવસીય આયોજન થયું એ દર્શાવતી એક ઝલક

ડભોઈ ખાતે શેઠ મો.ના.કો.કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તાલીમાર્થીઓ માટે ત્રિદિવસીય રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ, તેમાં ચેસ, કેરમ, મહેંદી હરીફાઈ, આરતી સુશોભન, લાંબી કૂદ, ૧૦૦ મીટર દોડ, ગોળાફેંક, સંગીત ખુરશી અને વૉલીબૉલ જેવી રમતોમાં તાલીમાર્થી ભાઈઓ બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમ અધ્યાપકશ્રીઓના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરેલ, ઉપરોક્ત રમતોમાંથી વિજેતા સ્પર્ધકોનો આચાર્ય, ડૉ. કે. આર. પટેલ અને યુનિયન ઇન્ચાર્જ પ્રા. એ. પી. મકવાણા તેમજ કૉલેજના સર્વે પરિવારે ઉત્સાહ વધાર્યો હતો.

❑

## 'સી. સી. શેઠ કૉલેજ ઑફ કૉમર્સ, (નવગુજરાત કેમ્પસ) આશ્રમ રોડ, અમદાવાદ ખાતે 'નેશનલ એસેસમેન્ટ ઍન્ડ એક્રિડીટેશન કાઉન્સિલ (NAAC)ની પીયર ટીમનું આગમન'

તા. ૧૪, ૧૫ અને ૧૬ નવેમ્બર ૨૦૦૬, ત્રણ દિવસ દરમિયાન પીયર ટીમનાં અધ્યક્ષ શ્રી ડૉ. એલ. એન. દહિયા (એક્સ પ્રો. વાઈસ ચાન્સેલર ઑફ એમ.ડી.યુનિ, રોહતાક) તેમના સાથી મિત્રો શ્રી ડૉ. એસ. એન. સીંગ (ડાયરેક્ટર, દિલ્હી સ્કૂલ ઑફ પ્રોફેશનસ સ્ટડીઝ ઍન્ડ રીસર્ચ) અને શ્રી બી. એસ. મધુકર (ડેપ્યુટી ઍડ્વાઈઝર, નેક, બેંગ્લોર) સાથે સી. સી. શેઠ કૉલેજ ઑફ કૉમર્સ ખાતે પધાર્યા હતા.

તા. ૧૪-૧૧-૦૬નાં રોજ કૉલેજની NSS યુનિટની બહેનોએ કુમકુમ તિલક કરીને સૌનું મોં મીઠું કરાવ્યું હતું, તેમજ કૉલેજનાં મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ શાહ, આચાર્ય શ્રી મનસુરી, સર્વ અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીમિત્રોએ ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

૧૪મી નવેમ્બરે 'બાલ દિન' હોવાથી શ્રી દહિયા સાહેબે પંડિત જવાહરલાલ નહેરુની છબીને હાર પહેરાવી, દીપ પ્રગટાવીને કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી. ત્યાર બાદ કૉલેજના આચાર્ય શ્રી મનસુરીએ પાવર પોઇન્ટ દ્વારા રજૂઆત કરીને કૉલેજની સમગ્ર પ્રવૃત્તિ અંગે ઝાંખી કરાવી હતી.

બપોરનાં સમયે જુદા જુદા વિભાગનાં અધ્યાપકો સાથે અલગ અલગ મિટિંગનું આયોજન કરીને જરૂરી માહિતીનું આદાન-પ્રદાન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો. 'સેતુ'ના પ્રમુખ શ્રી એ. પી. પટેલ અને સેક્રેટરી શ્રી ધ્રુવે કૉલેજ પ્રત્યેનું ઋણ અદા કરવા અને કૉલેજનાં વિકાસમાં મદદ કરવા સંપૂર્ણ તૈયારી દાખવી છે. ત્રણેય મહાનુભાવોએ લાગણીસભર પ્રતિભાવ આપ્યો હતો.

રાત્રે એક સુંદર મનોરંજન કાર્યક્રમનું આયોજન NSS યુનિટના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાર્થના નૃત્ય, પ્રાચીન-અર્વાચીન ગરબા, માઈમ અને જાદુગર એસ. કુમાર દ્વારા ભવ્ય જાદુના પ્રયોગો રજૂ કર્યા હતા. પ્રેક્ષકોએ સમગ્ર કાર્યક્રમ આનંદ અને ઉત્સાહથી માણ્યો હતો. કાર્યક્રમને અંતે શ્રી દહિયા સાહેબે સ્ટેઈજ ઉપર આવીને ખુશી વ્યક્ત કરીને ઉમળકાભેર પ્રતિભાવ આપ્યો હતો. અને દરેક કલાકારને બિરદાવ્યા હતા. ખાસ કરીને શ્રી સીંગ સાહેબે, જાદુગર એસ. કુમારને શાબાશી આપી હતી.

તા. ૧૫-૧૧-૦૬નાં રોજ ટીમે લાઇબ્રેરીની મુલાકાત લીધી હતી. અને લાઇબ્રેરિયન શ્રી વિજયભાઈ દેસાઈ સાથે વાર્તાલાપ કરીને પુસ્તકો, સામયિકો, વાંચનાલય અંગે માહિતી મેળવીને આનંદ વ્યક્ત કર્યો હતો.

NSS રૂમની મુલાકાતે પધાર્યા ત્યારે વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ પુષ્પવૃષ્ટિ કરીને સ્વાગત કર્યું. સર્વ પ્રથમ 'સર્વ ધર્મ પ્રાર્થના' અને ત્યાર બાદ મા સરસ્વતીનાં સાનિધ્યમાં 'દીપ પ્રાગટ્ય' કરીને ધાર્મિકતા, આધ્યાત્મિકતા અને કર્મપરાયણતાનાં વાતાવરણમાં 'રાષ્ટ્રીય સેવા યોજના' દ્વારા કરેલ જુદી જુદી

પ્રવૃત્તિઓનું ડેમોસ્ટ્રેશન જે વિદ્યાર્થીઓએ તેમની આગવી સૂઝ અને આવડતથી કર્યું હતું. તે નિહાળીને હર્ષ સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી. પ્રોગ્રામ ઑફિસર પ્રો. એચ. એચ. વ્યાસે સંક્ષિપ્તમાં NSS યુનિટ દ્વારા થતી પ્રવૃત્તિઓની સમજણ આપી હતી.

સ્પોર્ટસ રૂમની મુલાકાત લઈને જુદી જુદી રમતનાં સાધનો અને ખેલાડીઓને મળતી સગવડો, સુવિધાઓ અંગેની માહિતી શ્રી ભરતભાઈ ઠાકોર પાસેથી મેળવી હતી, તેમ જ ભૂતકાળમાં આ કૉલેજના વિદ્યાર્થીઓએ રમતગમત ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓનો ખ્યાલ મેળવ્યો હતો.

પીયર ટીમ દ્વારા ચીલાચાલુ અભ્યાસ પદ્ધતિને બદલે આધુનિક શિક્ષણ વ્યવસ્થા પદ્ધતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો તથા અધ્યાપકોએ એમ.ફીલ. તથા પી.એચ.ડી. કરવા ઉપર વધુ ભાર મૂક્યો હતો.

છેલ્લા દિવસે પૂર્ણાહુતિ પ્રસંગે ત્રણેય મહાનુભાવોએ લાગણીસભર પ્રતિભાવ આપ્યો હતો, અને આ કૉલેજે દરેક વ્યક્તિનાં સંયુક્ત પ્રયાસ દ્વારા જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને સફળતાનાં શિખરો સર કર્યા છે તેને બિરદાવ્યા હતા. છેવટે પ્રો. પી. આર. પાઠકે આભાર દર્શન કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આર. એન. વ્યાસે કર્યું હતું.

❑

## પેટલાદ કૉલેજના એન. એસ. એસ. યુનિટની વાર્ષિક શિબિરમાં યોજાયેલ 'પશુ-ચિકિત્સા' કેમ્પ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર. કે. પરીખ આર્ટસ ઍન્ડ સાયન્સ કૉલેજના એન. એસ. એસ.ના 'વાર્ષિક શિબિર'માં સોજીત્રા તાલુકાના કાસોર મુકામે વેટેરીનરી કૉલેજ , આણંદના સહયોગથી 'પશુ-ચિકિત્સા' કેમ્પનું આયોજન થયું. જેમાં વેટેરીનરી કૉલેજના ડૉ. રાવલ તથા ગાયનેકોલોજીના નિષ્ણાત એવા ડૉ. પી. આર. પટેલે ૮૩ પશુઓને ચેક કરી તેમને યોગ્ય દવાઓ આપી હતી. જેમાં તેમની કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ સારો સહકાર આપીને તેના વિશે જ્ઞાન મેળવ્યું. આ કાર્યક્રમમાં સોજીત્રા વિભાગના વેટેરીનરી ડૉ. ડી. એલ. મનાતે ખડે પગે રહી સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં પેટલાદ વિભાગના ડૉ. મિનેષ દોશી તથા કાસોર ગામના ભરત પટેલે પણ મદદ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રોગ્રામ ઑફિસર ડૉ. ઉમેશ પટેલ, ડૉ. ગોવિંદભાઈ કાછિયા, ડૉ. જયંતીભાઈ ચૌધરી, શ્રી પરેશભાઈ પટેલ તથા N.S.S.ના વિદ્યાર્થીઓનો ફાળો અવિસ્મરણીય હતો. આ કૉલેજ દ્વારા ધવલ ચશ્મા ઘર, પેટલાદના સહયોગથી 'ચશ્મા શિબિર' કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ડૉ. જશવંતભાઈ મોદી તથા ડૉ. પટેલે હાજર રહી ૧૪૩ લાભાર્થીઓની આંખો ચેક કરી હતી અને જેને જરૂર હોય તેમને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઑફિસર ડૉ. ઉમેશ નવનીતભાઈ પટેલે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. ગોવિંદભાઈ કાછિયા, ડૉ. જયંતીભાઈ ચૌધરી, શ્રી પરેશભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ શાહ તથા સમગ્ર એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓનો ફાળો મહત્ત્વનો રહ્યો હતો.

## રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક શિબિર 'રાષ્ટ્રીય એકતા માટે યુવકો'

કૉલેજનો N.S.S. વાર્ષિક શિબિર તા. ૭-૧૧-૨૦૦૬થી તા. ૧૬-૧૧-૨૦૦૬ દરમિયાન વાડીનાર મુકામે યોજવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ અર્થે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બેટી બચાવો ઝુંબેશ, કન્યા કેળવણી જાગૃતિ, જ્યોતિષ ક્ષેત્રે પ્રવર્તતી અંધશ્રદ્ધા પર વ્યાખ્યાન ઉપરાંત વિવિધ ક્ષેત્રે રોજગારીની તકો, યુવાનોને 'ચાલો માનસિકતા બદલીએ' તથા રાજકારણમાં મહિલાઓનું યોગદાન પર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યાં.

આ ઉપરાંત પશુ ચિકિત્સા કેમ્પમાં ૩૫ પશુઓ, બાળતંદુરસ્તી હરીફાઈમાં ૫૫ બાળકો, સર્વરોગ નિદાન કેમ્પમાં ૧૦૧ વ્યક્તિઓ, ગૃહસુશોભન સ્પર્ધામાં ૩૩ સ્પર્ધકો, લેબોરેટરી કેમ્પમાં ૨૫૩ વ્યક્તિઓ અને ચશ્મા શિબિરમાં ૧૯૧ વ્યક્તિઓએ લાભ લીધો હતો.

વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ ક્વીઝની સ્પર્ધામાં ૩૯ છાત્રોએ ભાગ લીધો હતો. 'રાષ્ટ્રીય એકતા અને યુવકો' - અને 'NSSના કારણે મારા જીવનમાં આવેલ પરિવર્તન' પર નિબંધલેખન સ્પર્ધા તથા L. C. Patel કન્યાશાળા નારમાં શાળા સંચાલન જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

સામાજિક જાગૃતિ માટે B. R. L. હાઈસ્કૂલ, નારમાં રાત્રે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું. પોલિયો રસીકરણ જાગૃતિ ઝુંબેશ અને એઈડ્ઝ જાગૃતિ જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

❑

## L.D. Arts મહાવિદ્યાલયમાં વિવિધ દિવસોની ઉજવણી

ડિસેમ્બરના મહિનામાં શૈક્ષણિક અભ્યાસ સાથે સાથે વિદ્યાર્થીઓના ઉત્સાહ અને ઉમંગમાં વૃદ્ધિ કરનાર પંચદિવસીય વિવિધ દિવસોનું આયોજન કર્યું. હેતુલક્ષી આ દિવસોના



એલ.ડી. આર્ટસ કૉલેજ, અમદાવાદના આનંદોત્સવ પર્વના એક ભાગમાં ભાતીગળ વેશપરિધાનમાં છાત્ર-છાત્રાઓ.

સમાયોજનમાં વિદ્યાર્થીઓના સામૂહિક ઉત્સાહવર્ધન સાથે સાથે તેમના વ્યક્તિત્વનું પણ સંવર્ધન પણ સમાહિત હતું.

**તા. ૧૮-૧૨-૨૦૦૬ - 'વસંત દિવસ'**

વસંત પ્રસ્ફુટિત થવી એ ખીલતાં યૌવનનું પ્રતીક છે. સૌંદર્ય અને સ્વાભિમાનની ઋતુ છે. આ લક્ષ્યને દૃષ્ટિમાં રાખી આ દિવસે વિદ્યાર્થીઓએ 'પિત પરિધાન' તથા 'પીળાં પુષ્પો' ધારણ કરી એલ.ડી. આર્ટસના પ્રાંગણે વસંતઋતુનું દૃશ્ય ઉપસ્થિત કર્યું.

**તા. ૧૯-૧૨-૨૦૦૬ - 'રૉલ મૉડલ ડે'**

સમાજ સ્વીકૃત પોતપોતાના આદર્શ વ્યક્તિને ધ્યાનમાં રાખીને યોજાયેલો દિવસ જેમાં તે આદર્શ વ્યક્તિનાં કાર્યો, પ્રબોધનો, સિદ્ધાંતો જીવનને સારી દિશા તરફ લઈ જવામાં પ્રેરણા આપે.

**તા. ૨૦-૧૨-૨૦૦૬ - 'ઍક્ઝિક્યુટિવ ડે'**

શિક્ષણ સાથે ભાવિ કારકિર્દીનો સહજ સંબંધ હોય જ. આધુનિક સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ જ્યાં પણ ભાવિ કાર્યમાં જોડાય ત્યાંનો માહોલ, નિયમો સાથે પણ પોતાની જાતને સંયોજિત તો જ તે સંસ્થા પ્રતિ આત્મસન્માન જન્મે. આ હેતુથી ઉપરોક્ત દિવસનું આયોજન કરવામાં આવ્યું.

**તા. ૨૧-૧૨-૨૦૦૬ - ૭૦મા દાયકા તરફ પ્રત્યુન્મુખ**

૧૯૭૦થી પહેલાંનાં ચલચિત્રોના અભિનેતાઓ અને અભિનેત્રીઓ પ્રતિ લાગણી, તે દાયકાનો તેમનો પરિવેશ ધારણ કરીને, અતીતનું સ્મરણ કરીને વિદ્યાર્થીઓએ કૃતજ્ઞતા પ્રગટ કરી.

**તા. ૨૬-૧૨-૨૦૦૬ 'પારંપરિક દિવસ'**

અંતિમ દિવસે સરસ રંગબેરંગી વિવિધ ભારતીય પારંપરિક વેશ ધારણ કરીને વિદ્યાર્થીઓએ સંપૂર્ણ વિદ્યાલય પટાંગણને જીવંત કરી દીધું. એટલું જ નહિ, ત્રણ કલાક સુધી ગ્રાઉન્ડ ઉપર સંગીત ધ્વનિ સાથે ફ્રી સ્ટાઇલમાં બધાં છાત્રોએ ગરબા, રાસ, દાક્ષિણાત્ય સમૂહ નૃત્યમાં સંપૂર્ણ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લીધો. વિદ્યાલયના આચાર્યશ્રી, પ્રોફેસર્સ, બિનશૈક્ષણિક કર્મચારીઓએ પણ ત્યાં ઉપસ્થિત રહીને તેમના નૃત્યાભિવ્યક્તિનો આનંદ માણ્યો. આ ઉજવણીનો એકમાત્ર હેતુ - નવ વર્ષનું સ્વાગત પારંપરિક રીતે ઉજવીને, સ્વદેશ, સ્વસંસ્કૃતિ તથા સહભાષા પ્રતિ આત્મસન્માન જાગૃત કરવાનું અને પોષણ આપવાનું હતું.

## CWDC - LD Arts College

**Face to Face**



Participants of CWDC Programme
'Face to Face' L.D. Arts College

The Collegiate Women's Development Committee (CWDC), L. D. Arts College held a one-day symposium entitled `Face to Face' on December 23, 2006. The purpose of the symposium was to bring the delegates and students face to face with women achievers who can be called pathfinders in their respective fields. Prominent dignitaries, more then forty delegates from different institutions along with over two hundred students, attended the symposium. The inaugural address was made by the Principal Dr. Mahipatsinh Chavda who is also the Chairperson of the CWDC, L.D. Arts Colleges.

In a moving presentation entitled 'Face to Face with Pillars of Salt or Strength : Indian Women's Literature' Dr. Ranjana Harish, Chairperson, Women's Development Cell, Gujarat University, spoke on the quiet strength of women that has enabled them to weather the storms of life and not only survive but also emerge as pillars of strength.

Ms. Malti Mehta, Producer, Educational Multi-Media Research Centre (EMRC), made a very informative presentation on 'Women in Media'. She also spoke on the responsibility of the media towards the public. The presentations were followed by a riveting interactive session.


Ms. Mahashweta Jani, alumnus, L. D. Arts and poet in her own right, recited a poem 'Odakh' on a woman's search for her identity. The students of L. D. Arts College also presented a play that showcased the struggles faced by the girl child at various stages.

❑

અહેવાલ

## Women's Development Cell, Gujarat University

## જેન્ડર સ્ટડીઝના વિશ્વવિખ્યાત પ્રોફેસર ડૉ. ડેવિડ સેડકરનું વિશેષ વ્યાખ્યાન




વૈશાલી પઢીયાર, તસલીમ કાલસેકર, ડૉ. ડેવીડ સેડકર (વોશીંગ્ટન ડી.સી.યુ.એસ.), માન. કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી, ડૉ. રંજના હરીશ

ગુજરાત યુનિવર્સિટી વિમેન્સ ડેવલપમેન્ટ સેલ તથા અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૪ ડિસેમ્બરના રોજ એક વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. વિમેન્સ ડેવલપમેન્ટ સેલના ફાઉન્ડર ચૅરપર્સન અને અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. રંજના હરીશે મહેમાનોનું સ્વાગત કરી તેમનો વિશેષ પરિચય કરાવ્યો. અમેરિકન સેન્ટર મુંબઈના સુશ્રી તસલીમ કાલસેકર સ્વાગત પ્રવચનનો પ્રતિભાવ આપ્યો.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગુજ.યુનિ.ના કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

અમેરિકન યુનિવર્સિટી વોશિંગ્ટનના વિશ્વ વિખ્યાત પ્રોફેસર ડેવિડ સેડકરે "જેન્ડર ઈક્વિટી એન્ડ એજ્યુકેશન" વિષય ઉપર પાવર-પોઈન્ટ સાથે મનનીય વક્તવ્ય આપ્યું હતું. અમેરિકન સરકારે તેમને ભારતમાં જેન્ડર સ્ટડીઝની એક વિશેષ વ્યાખ્યાન શ્રેણી માટે મોકલ્યા છે. અમેરિકન સેન્ટર મુંબઈના સહયોગથી આ વિશ્વ વિખ્યાત પ્રોફેસરે ગુજ. યુનિ.માં વિચારપ્રેરક વક્તવ્ય આપ્યું હતું. સ્ત્રી-પુરુષની સમાનતાને શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ ગણાવતા "શું સ્ત્રીની ભાષા જુદી હોય છે ?" "શું સ્ત્રી / પુરુષની ભાષા સમાજના પાવર પોલીટિક્સનું પ્રતિબિંબ છે ?" જેવા પ્રશ્નોની તેમણે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વૈશ્વિક સ્તરે પ્રવર્તતા જેન્ડર ડિસક્રીમીનેશનની સઘન ચર્ચા કરી હતી. સમાજ અમેરિકન હોય કે ભારતીય, દરેકે દરેક સમાજ પિતૃસત્તાક છે. વિશ્વભરમાં પુરુષ પ્રધાનતા પ્રવર્તે છે અને આ એક એવી પરિસ્થિતિ છે કે જેમાં સ્વીકૃતિ પામવા માત્ર માટે સ્ત્રીએ પુરુષ કરતાં પાંચ ગણી વધુ યોગ્યતા સાથે સજ્જ થવું પડે છે અને આવી પાંચ ગણી વધુ યોગ્ય, વધુ કાર્યદક્ષ સ્ત્રીને તે સ્થાને પહોંચ્યા બાદ સમાજ નોકરિયાત પુરુષને સમકક્ષ સ્વીકારવા તૈયાર થયા છે !?

પોતાના લગ્ન અને શૈક્ષણિક જીવનની વાસ્તવિકતા દ્વારા આ વાતને સમજાવતી ક્ષણે પ્રો. સેડકર ભાવુક બની ગયા હતા. પોતાની મૃત પત્ની ડૉ. માઈરા સેડકરના સારામાં સારા વિદ્વતાપૂર્ણ લેખને પણ અમેરિકન યુનિવર્સિટીમાં ડેવિડ સેડકરના લેખ તરીકે ગણવામાં આવતા. તે બંનેના નામ સાથે પ્રકાશિત થયેલ પુસ્તકોનું પણ એવું જ. ટૂંકમાં જે પણ કંઈ સારું હોય તેનો યશ પુરુષને જાય છે.

આ વ્યાખ્યાનમાં પ્રો. સેડકરની અભિવ્યક્તિની અનૌપચારિક શૈલીએ શ્રોતાઓને અનેક પ્રશ્નો પૂછવા પ્રેર્યા હતા અને શ્રોતાઓની આવી ચર્ચા સાંભળીને પ્રોફેસર પણ મુગ્ધ થયા હતા. ગુજરાતીઓ પણ આવું ફાંકડું અંગ્રેજી બોલે ? વ્યાખ્યાનની પૂર્વે માનનીય કુલપતિશ્રીના રૂમમાં તેમણે ડૉ. રંજના હરીશને અનુવાદકની વ્યવસ્થા કરી છે કે કેમ તેવો પ્રશ્ન પૂછેલો - કેમ કે આવા એક અન્ય કાર્યક્રમમાં અમેરિકન સેન્ટરના તેમના સાથીએ અનુવાદકનો રોલ ભજવવો પડેલો ! કાર્યક્રમ બાદ તેઓને આશ્ચર્ય થયું

હતું કે, ગુજરાતમાં સુંદર અંગ્રેજી બોલી શકે તેવો મોટો વર્ગ રહેલો છે.

ગુજરાત યુનિવર્સિટીએ સ્થાપેલ વિમેન્સ ડેવલપમેન્ટ સેલ તેમજ આ સેલ અંતર્ગત કૉલેજ સ્તરે સ્થપાયેલ કોલેજિયેટ વિમેન્સ ડેવલપમેન્ટ કમિટીઝ અંગે ઝીણવટપૂર્વક માહિતી મેળવીને ડૉ. સેડકરે આ બાબત માટે વાઈસ ચાન્સેલરશ્રીને હૃદયપૂર્વક અભિનંદન આપ્યાં હતાં તથા આવા સેલના માધ્યમથી આ યુનિવર્સિટી જેન્ડર ઈક્વિટી સ્થાપી શકશે, તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમનો પ્રારંભ એસ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યૂટના CWDCના કન્વીનર સુશ્રી માલા શર્માનાં વિદ્યાર્થીઓના "WDC ગાન"થી થયો હતો. આભારવિધિ સુશ્રી વૈશાલી પઢિયારે કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના સુશ્રી નૂતન ડામોરે કર્યું હતું. કાર્યક્રમની પૂર્વતૈયારીમાં ડૉ. દર્શના ત્રિવેદીનો મુખ્ય ફાળો રહ્યો હતો. WDC તથા અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ વ્યાખ્યાન વક્તા તેમજ શ્રોતા માટે યાદગાર અનુભવ હતો.

❑

## ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ-૨ની ખંભાતની શ્રી આર. પી. આર્ટસ, કે. બી. કૉમર્સ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજના યજમાનપદે યોજાયેલ યુવક મહોત્સવ અંગેનો અહેવાલ

ખંભાત ખાતે શ્રી બી. ડી. રાવ કૉલેજ કેમ્પસ ખાતે તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શ્રી આર. પી. આર્ટસ, કે. બી. કૉમર્સ કૉલેજ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજના યજમાન પદે યોજાયેલ યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ.




ગુ.યુ.દ.વિ-૨ ખાતે યોજાયેલ યુવક મહોત્સવમાં મા. કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીનું ફુલહાર દ્વારા સ્વાગત.

પરિમલભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે બદલાતા યુગ સાથે હવે પરિવર્તન લાવવું પડશે. જે સંસ્થાઓ બદલાતા પ્રવાહ સાથે નહીં ચાલે તેને ઘણું ગુમાવવું પડશે. તેમણે વધુમાં કહ્યું હતું કે બદલાતા યુગ સાથે દિશા પણ બદલવી પડશે. ગુજરાતના વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર, બેંગ્લોર કે પંજાબના વિદ્યાર્થીઓથી અભ્યાસ ક્ષેત્રે ઘણા આગળ છે, પણ તેઓની અંગ્રેજી પ્રત્યેની સૂગના કારણે પીછેહઠ અનુભવે છે. ડૉ. પરિમલભાઈ ત્રિવેદીએ વધુમાં જણાવ્યું કે ભારત સામે થોડા વર્ષ પહેલાં જે વસ્તી વધારાની સ્ફોટક સમસ્યા હતી, તે આજે આશીર્વાદ બની રહી છે. ભારત પાસે માનવશક્તિ સાથે જ્ઞાન શક્તિનો પણ ખજાનો છે. તેનો ઉપયોગ કરવાની જરૂર છે. ભારતના ધર્મ અને શિક્ષણની દુનિયાએ કદર કરી છે. ત્યારે આજની યુવા પેઢીને ચોક્કસ દિશા નિર્ધાર કરી પોતાને લક્ષ પ્રાપ્ત કરવા મક્કમ બનવાનો તેઓએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી બંકિમભાઈ વ્યાસે જણાવ્યું હતું કે ખંભાત કૉલેજ કેમ્પસ અને યુનિવર્સિટી વચ્ચે સુમેળભર્યા સંબંધ છે. વિશાળ કેમ્પસમાં વિવિધ શૈક્ષણિક સંકુલો સફળ રીતે ચલાવવા માટે ગુજરાત યુનિવર્સિટીના રચનાત્મક વલણના આભારી છીએ. સંચાલકોની દીર્ઘ દૃષ્ટિને ગુજરાત યુનિવર્સિટીએ હકારાત્મક પ્રતિભાવ આપતા, શિક્ષણનો વ્યાપ વધારવાનું સંચાલકોનું લક્ષ્ય આગળ વધી રહ્યું છે.

આ યુવા મહોત્સવ ત્રણ દિવસ (૧૮, ૧૯, ૨૦ સપ્ટે. ૨૦૦૬) ચાલ્યો હતો અને તા. ૨૦-૯- ૦૬ના રોજ સમાપન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેના પ્રમુખપદે ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી અરવિંદભાઈ ભાંડારી તથા અતિથિ વિશેષ તરીકે જાણીતા રંગમંચ તથા ટીવી કલાકાર શ્રી સિરાજભાઈ રંગવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બહોળી સંખ્યામાં અન્ય કૉલેજોના આચાર્યશ્રીઓ તથા સેનેટ અને સિન્ડીકેટ સભ્યશ્રીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા હાજરી આપી હતી. આ પ્રસંગ નિમિત્તે શ્રી સિરાજભાઈએ ખૂબ જ હળવી ભાષામાં હસાવતાં-હસાવતાં વિદ્યાર્થીઓને જીવનનો મર્મ સમજાવતી બાબતો કહી હતી. જેનો વિદ્યાર્થીઓએ પણ સારો પ્રતિસાદ આપ્યો હતો. રજીસ્ટ્રારશ્રી અરવિંદભાઈ ભાંડારીએ શિક્ષણની સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે 'ઇતર પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સાંકળીને જ યુવાન શિક્ષણને ઉપયોગી બનાવી શકે છે.' મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી બંકિમભાઈ વ્યાસે વિદ્યાર્થીઓને પ્રતિસ્પર્ધી નહીં પરંતુ સાચા કલાકાર બનવાની શીખ આપી હતી.

ખંભાત ખાતે ત્રણ દિવસ ચાલેલ યુવા મહોત્સવમાં ૪૫ જેટલી કૉલેજોના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૨૬ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ યુવક મહોત્સવને સફળ

બનાવવા માટેનું શ્રેય કન્વીનર શ્રી વૈભવ જોષી, પ્રા. રીકીન પરીખ તથા પ્રા. કપિલભાઈ ગોસાઈને જાય છે. આ સફળતામાં તેઓને સાથી પ્રાધ્યાપકોએ અને કેમ્પસની વિવિધ કૉલેજના આચાર્યશ્રીઓએ તથા કર્મચારી ગણે સૂર પુરાવતા કાર્યક્રમ સફળ બની રહ્યો. બંને કાર્યક્રમોનું સફળતાપૂર્વકનું સંચાલન પ્રા. પ્રીતિબેન રાઠોડે તથા શ્રી શૈલેષ રાઠોડે કર્યું હતું.

❑

## National Seminar on clinical Neuro - Psychology

A National Seminar on Clinical Neuro-Psychology was convened by Dr. Kamayani Mathur on the 19th of November 2006 at the Ahmedabad Management Association, Ahmedabad. The Speaker was Prof. C. R. Mukundan from National Institute of Mental Health and Neuro-Sciences (NIMHANS), Bangalore of International fame. He is a clinical psychologist and neuro-psychologist. He was Professor and Head of the Department of Clinical Psychology, Head of Neuro-Psychology Laboratory at NIMHANS.

The 1990s has been designated as “The Decade of the Brain”. Clinical Neuro-Psychology at it's core involves pursuing the diagnosis of changes in cognition and behaviour after known or suspected brain damage. It is one of the clinical specializations in the neuro-sciences. A neuro-psychologist is a specialist with formally trained expertise in differential diagnosis of disorders like dementia, aphasia and attention disorders etc. of higher cerebral functioning.



નેશનલ સેમિનાર-સાયકૉલોજી તા. ૧૯-૧૧-૨૦૦૬ના દિવસે ડૉ. કામાયની માથુર દ્વારા આયોજિત સમારોહમાં પ્રો. સી. આર. મુકુન્દન, બેંગ્લોર દૃશ્યમાન થાય છે.

More than 170 participants attended this seminar from different fields like Neurology, Psychiatry, counseling, education, Psychologists and students. The Chief guest was our honourable Vice Chancellor, Dr. Parimal Trivedi of Gujarat University and the Guest of Honour was Director-General of Police, Shri P. C. Pande.

The seminar was held in two sessions. The morning session was chaired by Dr. Sudhir Shah, Neurologist and Dr. S. L. Vaya, Deputy Director, Directorate of Forensic Sciences, Gandhinagar. The noon session was chaired by Dr. Lalit Vaya, senior psychiatrist.

Dr. Kamayani Mathur
Reader
Department of Psychology

❑

"Reading all the good books is like a conversation with the finest men of past centuries.'

**Rene Descartes**

# ગુજરાત યુનિવર્સિટી

પરિપત્ર ક્રમાંક : ૭

સને ૨૦૦૭ના માર્ચ/એપ્રિલ/મેમાં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો નીચે મુજબ રહેશે :

| ક્રમાંક | પરીક્ષાનું નામ | પરીક્ષા શરૂ થવાની તારીખ |
|---|---|---|
| ૧. | સેકન્ડ બી. કૉમ. | ૧૨-૩-૨૦૦૭ |
| ૨. | સેકન્ડ બી.બી.એ. | ૧૨-૩-૨૦૦૭ |
| ૩. | સેકન્ડ બી.સી.એ. | ૧૨-૩-૨૦૦૭ |
| ૪. | સેકન્ડ બી.એસસી. | ૧૨-૩-૨૦૦૭ |
| ૫. | સેકન્ડ બી.પી.ઈ. | ૧૨-૩-૨૦૦૭ |
| ૬. | સેકન્ડ બી.એ. (રેગ્યુલર / એક્સટર્નલ) | ૧૨-૩-૨૦૦૭ |
| ૭. | પ્રથમ વર્ષ ડિગ્રી ડ્રામા | ૧૨-૩-૨૦૦૭ |
| ૮. | દ્વિતીય વર્ષ ડિગ્રી ડ્રામા | ૧૨-૩-૨૦૦૭ |
| ૯. | તૃતીય વર્ષ ડિગ્રી ડ્રામા | ૧૨-૩-૨૦૦૭ |
| ૧૦. | સેકન્ડ બી.એસસી. (ફાયર) | ૧૨-૩-૨૦૦૭ |
| ૧૧. | ફર્સ્ટ બી.કૉમ. | ૨૨-૩-૨૦૦૭ |
| ૧૨. | બી.એડ. | ૨૨-૩-૨૦૦૭ |
| ૧૩. | ફર્સ્ટ બી.એ. (રેગ્યુલર/એક્સટર્નલ) | ૨૨-૩-૨૦૦૭ |
| ૧૪. | થર્ડ બી.કૉમ. | ૩-૪-૨૦૦૭ |
| ૧૫. | એમ.એડ. | ૩-૪-૨૦૦૭ |
| ૧૬. | ફર્સ્ટ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર) | ૩-૪-૨૦૦૭ |
| ૧૭. | સેકન્ડ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર) | ૩-૪-૨૦૦૭ |
| ૧૮. | થર્ડ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર) | ૩-૪-૨૦૦૭ |
| ૧૯. | ફર્સ્ટ બી.એસસી. (ફાયર) | ૩-૪-૨૦૦૭ |
| ૨૦. | થર્ડ બી.એસસી. (ફાયર) | ૩-૪-૨૦૦૭ |
| ૨૧. | ફર્સ્ટ બી.સી.એ. | ૩-૪-૨૦૦૭ |
| ૨૨. | ફર્સ્ટ બી.બી.એ. | ૩-૪-૨૦૦૭ |
| ૨૩. | ફર્સ્ટ ઈયર પરફોર્મિંગ આર્ટસ | ૩-૪-૨૦૦૭ |
| ૨૪. | સેકન્ડ ઈયર પરફોર્મિંગ આર્ટસ | ૩-૪-૨૦૦૭ |
| ૨૫. | થર્ડ ઈયર પરફોર્મિંગ આર્ટસ | ૩-૪-૨૦૦૭ |
| ૨૬. | ફર્સ્ટ બી.એસસી. | ૩-૪-૨૦૦૭ |
| ૨૭. | થર્ડ બી.એ. (રેગ્યુલર/એક્સટર્નલ) | ૩-૪-૨૦૦૭ |
| ૨૮. | થર્ડ બી.એસસી. | ૩-૪-૨૦૦૭ |
| ૨૯. | એમ.ડી.સી. ભાગ ૧ તથા ૨ | ૩-૪-૨૦૦૭ |
| ૩૦. | ડિપ્લોમા ઇન યોગા | ૩-૪-૨૦૦૭ |
| ૩૧. | ફર્સ્ટ એલએલ.બી. (મોન્સુન સેમેસ્ટર) | ૧૦-૪-૨૦૦૭ |
| ૩૨. | સેકન્ડ એલએલ.બી. (મોન્સુન સેમેસ્ટર) | ૧૦-૪-૨૦૦૭ |
| ૩૩. | થર્ડ એલએલ.બી. (મોન્સુન સેમેસ્ટર) | ૧૦-૪-૨૦૦૭ |
| ૩૪. | થર્ડ બી.સી.એ. | ૧૩-૪-૨૦૦૭ |
| ૩૫. | થર્ડ બી.બી.એ. | ૧૩-૪-૨૦૦૭ |
| ૩૬. | બી.પી.એડ. | ૧૩-૪-૨૦૦૭ |
| ૩૭. | એમ. ફિલ. | ૧૩-૪-૨૦૦૭ |
| ૩૮. | એમ.એ. ભાગ-૧ (રેગ્યુલર/એક્સટર્નલ) | ૧૩-૪-૨૦૦૭ |
| ૩૯. | એમ.કૉમ. ભાગ-૧ (રેગ્યુલર/એક્સટર્નલ) | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૦. | એમ. પી. ઈ. | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૧. | એમ.એ. ભાગ-૨ (રેગ્યુલર/એક્સટર્નલ) | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૨. | એમ.કૉમ. ભાગ-૨ (રેગ્યુલર/એક્સટર્નલ) | ૧૩-૪-૨૦૦૭ |

| | | |
|---|---|---|
| ૪૩. | ડી.ટી.પી. | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૪. | ડી.એલ.પી. | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૫. | માસ્ટર ઑફ લાઇબ્રેરી સાયન્સ | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૬. | બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ | ૧૩-૪-૨૦૦૭ |
| ૪૭. | બી.એડ. (બેઝિક) (જી.બી.ટી.સી.) | ૨૪-૪-૨૦૦૭ |
| ૪૮. | એલએલ.એમ. ભાગ-૧ | ૨૪-૪-૨૦૦૭ |
| ૪૯. | બૅચેલર ઑફ કૉમ્યુનિકેશન ઍન્ડ પબ્લિક રિલેશન્સ (બીસીજેપી) | ૨૪-૪-૨૦૦૭ |
| ૫૦. | માસ્ટર ઑફ જર્નાલિઝમ સ્ટડીઝ (એમ.જે.એસ.) | ૨૪-૪-૨૦૦૭ |
| ૫૧. | એમ.એલ.ડબલ્યુ. | ૨૪-૪-૨૦૦૭ |
| ૫૨. | ફર્સ્ટ ઈયર બી.પી.ઈ. | ૨૪-૪-૨૦૦૭ |
| ૫૩. | થર્ડ ઈયર બી.પી.ઈ. | ૨૪-૪-૨૦૦૭ |
| ૫૪. | એલએલ.એમ. ભાગ-૨ | ૨૫-૪-૨૦૦૭ |
| ૫૫. | એમ.એસસી. ભાગ-૧ | ૩-૫-૨૦૦૭ |
| ૫૬. | એમ.એસસી. ભાગ-૨ | ૩-૫-૨૦૦૭ |
| ૫૭. | સેકન્ડ બી.ફાર્મ | ૩-૫-૨૦૦૭ |
| ૫૮. | થર્ડ બી.ફાર્મ | ૩-૫-૨૦૦૭ |
| ૫૯. | ફોર્થ બી.ફાર્મ | ૩-૫-૨૦૦૭ |
| ૬૦. | ડિપ્લોમા ઇન ફાર્મસી ભાગ-૨ | ૩-૫-૨૦૦૭ |
| ૬૧. | ડિપ્લોમા ઇન-ફાર્મસી ભાગ-૧ | ૧૪-૬-૨૦૦૭ |
| ૬૨. | ફર્સ્ટ બી.ફાર્મ. | ૧૪-૬-૨૦૦૭ |

**પ્રાયોગિક પરીક્ષાઓ**

| | | |
|---|---|---|
| ૧. | બી.એડ. ભાગ-૨ (પ્રેક્ટિકલ) | ૨૬-૨-૨૦૦૭ |
| ૨. | એમ.એસસી. ભાગ-૧ અને ભાગ-૨ | ૫-૩-૨૦૦૭ |
| ૩. | થર્ડ બી.એસસી. | ૫-૩-૨૦૦૭ |
| ૪. | ફર્સ્ટ બી.એસસી. | ૫-૩-૨૦૦૭ |
| ૫. | ફર્સ્ટ બી.એસસી. (ફાયર) તથા થર્ડ બી.એસસી. (ફાયર) | ૫-૩-૨૦૦૭ |
| ૬. | સેકન્ડ બી.સી.એ. | ૨૨-૩-૨૦૦૭ |
| ૭. | સેકન્ડ બી.એસસી. (ફાયર) | ૨૫-૩-૨૦૦૭ |
| ૮. | થર્ડ બી.સી.એ. (પ્રોજેક્ટ) | ૬-૩-૨૦૦૭ |
| ૯. | થર્ડ બી.ફાર્મ ફોર્થ બી.ફાર્મ | ૧-૪-૨૦૦૭ |
| ૧૦. | ફર્સ્ટ બી.સી.એ. | ૧૩-૪-૨૦૦૭ |
| ૧૧. | સેકન્ડ બી.એસસી. | ૧૫-૪-૨૦૦૭ |
| ૧૨. | થર્ડ બી.સી.એ. (પ્રેક્ટિકલ) | ૩-૪-૨૦૦૭ |
| ૧૩. | ફર્સ્ટ બી.ફાર્મ | ૧-૬-૨૦૦૭ |
| ૧૪. | સેકન્ડ બી.ફાર્મ અને ડિપ્લોમા-ઇન-ફાર્મસી ભાગ-૨ | ૧૫-૬-૨૦૦૭ |
| ૧૫. | ડિપ્લોમા ઇન-ફાર્મસી ભાગ-૧ | ૨૫-૬-૨૦૦૭ |
| ૧૬. | બી.પી.એડ. ભાગ-૨ (લેશન) | હવે પછી જાહેર થશે |
| ૧૭. | ફર્સ્ટ બી.પી.ઈ. (લેશન) (બીજું વર્ષ, ત્રીજુ વર્ષ) | હવે પછી જાહેર થશે |
| ૧૮. | બી.પી.એડ. (લેશન) | હવે પછી જાહેર થશે |
| ૧૯. | બી.પી.ઈ. (કૌશલ્ય) (પ્રથમ વર્ષ, બીજુ વર્ષ, ત્રીજુ વર્ષ) | હવે પછી જાહેર થશે |
| ૨૦. | બી.પી.એડ. (કૌશલ્ય) | હવે પછી જાહેર થશે |
| ૨૧. | ડિપ્લોમા ઈન યોગા (શિક્ષણ) | હવે પછી જાહેર થશે |
| ૨૨. | એમ.પી.ઈ. | હવે પછી જાહેર થશે |

બાકીની પ્રાયોગિક પરીક્ષાઓ લેખિત પરીક્ષા બાદ લેવાશે. પરીક્ષાના વિગતવાર કાર્યક્રમ માટે જે તે કૉલેજોનો સંપર્ક સાધવાનો રહેશે. ઉપર્યુક્ત તારીખો લાગતાવળગતા વિદ્યાર્થીઓના ધ્યાન પર આવે તે રીતે પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

**જીતેન્દ્ર લીલાણી**
પરીક્ષા નિયામક

## લવાજમ

'વિદ્યાવૃત્ત'નું વાર્ષિક લવાજમ સંસ્થાઓ માટે રૂ. ૧૦૦/- તથા વ્યક્તિગત રીતે રૂ. ૬૦/- છે. લવાજમ 'રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી'ના નામથી ડી.ડી.થી અથવા યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડેથી ભરી શકાશે. ચેક/એમ.ઓ. સ્વીકારાશે નહીં. કૉલેજો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને લવાજમ ભરી ગ્રાહક થવા અનુરોધ છે. લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના વર્ષ માટેનું ગણાશે. વર્ષ દરમ્યાન સભ્ય થનારને વિદ્યાવૃત્તનાં અગાઉના અંકો પ્રકાશન વિભાગમાં ઉપલબ્ધ હશે તો આપવામાં આવશે. વિદ્યાવૃત્ત અંગેની માહિતી મુખ્ય સંપાદક અથવા સંપાદક મંડળના અન્ય સભ્યોને મોકલી શકાય છે.

## 'વિદ્યા'

ગુજરાત યુનિ.ના સંશોધન સામયિક 'વિદ્યા'ના અંકો પ્રતિવર્ષ ૧૫ માર્ચ અને ૧૫ સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે. તેનું વાર્ષિક લવાજમ સંસ્થાઓ માટે રૂ. ૧૫૦/- તથા વ્યક્તિગત રીતે રૂ. ૧૦૦/- છે. તે પણ ડી.ડી.થી કે રોકડેથી ભરી શકાશે. છૂટક નકલ યુનિ.ના કન્ઝ્યુમર્સ સ્ટોર્સમાંથી રૂ. ૭૫/-માં મળી શકશે.

'વિદ્યા' અને 'વિદ્યાવૃત્ત'નું સંપાદકીય પત્રવ્યવહારનું સરનામું નીચે મુજબ છે :

**મુખ્ય સંપાદક :**
**ડૉ. રાજસી ક્લાર્ક**
ડિપાર્ટમેન્ટ ઓફ લેબર વેલ્ફેર,
સમાજવિદ્યા ભવન બિલ્ડિંગ, ગુજરાત યુનિ. કૅમ્પસ,
અમદાવાદ ૩૮૦ ૦૦૯.
ફોન : (કાર્યાલય) ૬૫૪૪૩૨૩૭ Email : usssgu_07@vsnl.net

લવાજમ તથા અંકો અંગેની માહિતી માટે પ્રકાશન અધિકારી શ્રી કે. ડી. વોરાનો સંપર્ક સાધવો.
ફોન : ૬૫૪૪૪૦૮૨ Email : kalpenvora@yahoo.co.in

Book-post
Printed Matters

પ્રતિ શ્રી ____________________

**વર્ષ : ૨ અંક : ૧ જાન્યુઆરી : ૨૦૦૭**

**ગુજરાત યુનિવર્સિટીનું મુખપત્ર**

પ્રેષક :
**ડૉ. અરવિંદ ભાંડારી**
*કુલસચિવશ્રી,*
ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રણસ્થાન : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧